# બેહદ નું પરમ જ્ઞાન

## (આત્મજ્ઞાનની તરફ)



પરમશાંતિ

# બેહદ નું પરમ જ્ઞાન

## (આત્મજ્ઞાન ની તરફ)



બાપુજી દશરથભાઈ પટેલ

**Published By**
Vishwa Parivartak Ishwariya Vidhyalay

**Address:**
Vishwa Parivartak Ishwariya Vidhyalay.
C/o Radhe Community Hall, Near Chenpur Bus Stand,
Village Chenpur, New Ranip Road.
Ahmedabad - 382470. Gujarat. (India)

**Email id :**
anant@paramshanti.org / ankur@paramshanti.org
saakshi1985@gmail.com

Bapuji's Official YouTube Channel:
www.youtube.com / anant98251

**WebSite**: www.paramshanti.org

www.facebook.com/discoveryofnewworldcom
https://instagram.com/bapujidashrathbhaipatel

Copyright © 2021 Bapuji Dashrathbhai Patel
All rights reserved. No reproduction without permission.

રૂ. ૪૫/-

# બેહદ ના જ્ઞાન નો પરિચય

ગીતા માં લખ્યું છે: જ્યારે-જ્યારે ધર્મનું પતન થાય છે, ત્યારે-ત્યારે પરમાત્મા આ સૃષ્ટિ પર, સાધારણ રૂપમાં આવીને અધર્મ નો અંત કરે છે. શું આજે ધર્મ ને લઈને અત્યાચાર નથી થઈ રહ્યા? શું આજે મનુષ્ય જાનવર સમાન નથી થઈ ગયો? આજે દુનિયાનું અધ:પતન કેમ થઈ રહ્યું છે? આનાથી વધારે કળિયુગ શું હોય શકે? જે આપણને આ આંખોથી દેખાય છે, શું માત્ર એ જ સત્ય છે? આપણે આ પાંચ તત્વોના મૃત્યુલોકમાં ક્યારે અને કેવી રીતે આવ્યા, આનું રહસ્ય આપણને કોણ બતાવી શકે છે? આનું રહસ્ય કોઈ પણ ધર્મપિતા, ધર્મ ગુરુ કે મહાત્મા ન બતાવી શકે. એટલે શ્રીમદ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ એ કહ્યું છે : હું જ સંત, મહાત્માઓ અને ગુરુઓ નો ઉદ્ધાર કરું છું. પરમ પિતા પરમાત્મા જ આપણને મૃત્યુલોક થી અમરલોક લઈ જવાનું દિવ્ય જ્ઞાન આપી શકે છે. આપણે કેવી રીતે આ પાંચ તત્વો ની દુનિયા થી નીકળી ને પરમ તત્વો ની દુનિયામાં જઈ શકીએ? આ દિવ્ય જ્ઞાન આપણ ને પરમ પિતા થી પ્રાપ્ત થઈ શકે છે. જેવી રીતે માના ગર્ભમાં પહેલાં બાળક નું બીજ રોપાય છે, પછી એનો આકાર બને છે અને

પછી ધીરે ધીરે પાંચ તત્વોનું પૂતળું બને છે. એવી જ રીતે આપણે નિરાકારી થી આકારી અને આકારી થી સાકારી રૂપ માં આવી ગયા છીએ.

જ્યારે ધરતી ન હતી, વાયુ ન હતો, આકાશ પણ ન હતું, તો પછી હતું શું? આ ચંદ્ર, તારાઓ અને નક્ષત્ર પણ ક્યાંથી આવ્યા? આપણે પહેલા ક્યાં હતા? આપણે પૃથ્વી લોક પર કેવી રીતે આવ્યા? જે આપણે સ્થૂલ આંખોથી જોઈએ છે, જો એ અસત્ય છે તો પછી સત્ય શું છે? આપણા દેવી-દેવતાઓ ક્યાં જતા રહ્યા? શું આપણા દેવી-દેવતાઓ પણ મનુષ્ય બની ગયા છે? આજે ધરતી પર જેટલાં પણ ધર્મ છે, એ તો થોડા હજાર વર્ષ પહેલા જ આવ્યા છે, જ્યારે આપણું બ્રહ્માંડ ખરબો વર્ષ જૂનું છે. તો આ બધા ધર્મપિતા ના પૂર્વજ કોણ છે? જ્યારે આ ધર્મો ન હતા, ત્યારે શું હતું? શું પરમાત્મા ધર્મથી બંધાયેલા છે? શું આપણે પરમાત્મા ને ઘરે બેઠા-બેઠા પ્રાપ્ત કરી શકીએ છીએ? પૃથ્વી આપણા બ્રહ્માંડમાં એક સોય ની ટોચ બરાબર છે. આપણા શાસ્ત્રોમાં લખેલું છે "દરેક ક્ષણે અનંતા અનંત બ્રહ્માંડ નું સર્જન અને વિસર્જન થાય છે, તો અનંત કોટી બ્રહ્માંડ શું છે, કેવી રીતે બન્યા, કોણે બનાવ્યા? એમનો માલિક કોણ છે?" કોણ એમને ચલાવે છે? કેવી રીતે ચાલે છે અને કેવી રીતે આનુ વિસર્જન કરે છે? અવિનાશી દુનિયા ક્યાં છે? આત્મા ત્યાં કેવી રીતે જઈ શકે છે? બેહદ નું વિશ્વ કેટલું મોટું છે? બેહદ ના વિશ્વ નો આરંભ, મધ્ય અને અંત નું રહસ્ય શું છે? આ સર્વે પ્રશ્નનોના જવાબ મેળવવા, **બેહદ નું જ્ઞાન,** આપણને જ્ઞાન સાગર ની એ ગહેરાઈમાં લઈ જાય છે, જ્યાં પહોંચી ને આત્મા ના બધા પ્રશ્નો સમાપ્ત થઇ જાય છે અને આત્મા પરમ જ્ઞાન ને પ્રાપ્ત કરીને પરમ શાંતિ ના માર્ગ પર આગળ વધે છે કારણ કે આત્માની ખોજ જ **"પરમ શાંતિ."** છે, અંતિમ પ્રાપ્તિ છે.

***

## વિષય


| | | |
|---|---|---|
| ૧. | હદ અને બેહદ ની આત્મા | ૧ |
| ૨. | શિવ, મહાશિવ અને પરમ મહાશિવ માં તફાવત | ૩ |
| ૩. | કાળ ચક્ર અને બ્રહ્મા નો સમય | ૭ |
| ૪. | બેહદ નું વિશ્વ કેટલું મોટું છે? | ૧૦ |
| ૫. | બેહદ ના પિતા કોણ? | ૧૩ |
| ૬. | બેહદ નો યોગ કોનાથી? | ૧૫ |
| ૭. | બેહદ ના વિશ્વ ના મહાપરિવર્તન માટે મહામંત્ર | ૧૭ |
| ૮. | વિનાશ નહિ, હવે થશે બેહદ નું મહા પરિવર્તન | ૨૦ |
| ૯. | સ્વ પરિવર્તન થી વિશ્વ પરિવર્તન કેવી રીતે? | ૨૪ |
| ૧૦. | કેવી રીતે બનશો સહયોગી? | ૨૭ |
| ૧૧. | આત્મ સ્વરૂપ થી પરમ લાઈટ ની અનુભૂતિ | ૩૦ |
| ૧૨. | YOUTUBE CHANNEL ની મહત્વપૂર્ણ માહિતી | ૩૨ |
| ૧૩. | મા નો દિવ્ય સંદેશ | ૩૮ |
| ૧૪. | પરમ મહા સંકલ્પ (AFFIRMATIONS) | ૪૦ |

# હદ અને બેહદ ની આત્મા

હદ એટલે- પાંચ તત્વ અને બેહદ એટલે હદ ની દુનિયા થી પાર. પરમ તત્વોની દુનિયા જે આ પાંચ તત્વો થી ઉપર ની દુનિયા છે એને બેહદ કહેવાય. આત્મા ના રહસ્યને તો આપણે બધા જાણીએ છીએ અને માનીએ પણ છીએ, પણ શું આપણે એના મૂળ સ્વરૂપ થી પરિચિત છીએ? હદ ની આત્માનું સર્જન તત્વોથી થયું છે, જ્યારે બેહદની આત્માનું સર્જન પરમ લાઈટ થી થયું છે. હદની આત્મા અને જીવાત્મા માં કોઈ ફરક નથી કારણ કે બંને પરમ સત્યના જ્ઞાન થી અજાણ છે અને ના તો એ પરમ સત્ય જ્ઞાન ની ખોજ માં નિકળે છે. એ તો આ માયાવી દુનિયા માં મગન રહે છે, જ્યારે બેહદ ની આત્મા પરમ દિવ્ય જ્ઞાનની તલાશ માં સર્વત્ર ભટકતી રહે છે અને શોધમાં રહે છે કે વિશ્વ કલ્યાણ માં એ પોતાનો સહયોગ કેવી રીતે કરે.

હદ ની આત્મા નું સ્થૂલ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર હોય છે, જ્યારે બેહદ ની આત્મા નું સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહા કારણ અને પરમ મહા કારણ શરીર હોય છે. બેહદ ની આત્મામાં બેહદ ની શક્તિઓ છે, જે અનેક આવરણથી દબાયેલી છે. આ શક્તિઓને જગાવવા માટે આત્મા ની

શક્તિઓ ને જગાડવી પડશે. બેહદ ની આત્મામાં બેહદ નો પરમ પ્રકાશ છે જે કરોડો-અબજો સૂર્યથી પણ વધારે શક્તિશાળી છે. આ શક્તિઓને જાગૃત કરવાનો એકમાત્ર રસ્તો છે કે આત્મા આ આવરણોને હટાવી ને પોતાના મૂળ સ્વરૂપ ને પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરે.

| | |
|---|---|
| હદ ની આત્મા ના આવરણ : | (૧) આકાશ (૨) અગ્નિ (૩) વાયુ (૪) પાણી (૫) પૃથ્વી |
| બેહદ ની આત્મા ના આવરણ: | (૧) પરમ લાઈટ (૨) પરમ મહાતત્વ (૩) પરમ તત્વ (પરમ આકાશ, પરમ અગ્નિ, પરમ વાયુ) (૪) આકાશ (૫) અગ્નિ (૬) વાયુ (૭) પાણી (૮) પૃથ્વી |

હવે પ્રશ્ન એ છે કે આત્મા માં પાવર (શક્તિ) કેવી રીતે આવશે? એના માટે ગીતા માં ભગવાને જણાવ્યું છે, **"તું દેહ અને દેહ ના સર્વ સંબંધો ને ભૂલી, પરમાત્મા ને (મને) યાદ કર, હું તારા બધા પાપો નો વિનાશ કરી, તને ઉચ્ચ થી ઉચ્ચ પરમધામ લઈ જઈશ."** ગીતા માં પણ નિરંતર કર્મયોગ ની વાત કહી છે, આના માટે આત્માએ આત્મ સ્વરૂપ નો અભ્યાસ કરવો પડશે. આત્મ સ્વરૂપ ના અભ્યાસ થી જ આત્મા અનેક આવરણો ને પાર કરી પરમ લાઈટ(પ્રકાશ) ને યોગ બળથી પ્રાપ્ત કરી શકે છે. આત્મ સ્વરૂપ ની સ્થિતિમાં સ્થિત થઈને, બુદ્ધિથી આપણે એ બેહદ ના અવિનાશી પરમધામ માં જઈ, બેહદ ના પરમપિતા થી પાવર (શક્તિ) લઈ, આપણી બેહદ ની શક્તિઓ ને જાગૃત કરી શકીએ છીએ. બેહદ ના પાવર હાઉસ થી પાવર મેળવવા માટે, આપણે બધા આવરણોને દૂર કરવા પડશે. જ્યારે આત્મા પરમ લાઈટ(પ્રકાશ) પ્રાપ્ત કરે છે ત્યારે, સૌથી પહેલા આકાશ તત્વ તેને ગ્રહણ કરે છે અને આકાશ તત્વ તેને ગ્રહણ કરી પરમ અગ્નિ અને પરમ વાયુ માં પરિવર્તિત કરે છે, કારણ કે આપણું વાયુમંડળ નકારાત્મક ઉર્જા થી ભરેલું છે જેના કારણે એ પરમ લાઈટ ને વાયુમંડળમાં વિસર્જિત કરી નાખશે. એટલા માટે પરમ લાઈટ ને ગ્રહણ કરવા માટે આ આવરણોને હટાવવા ખુબ જ આવશ્યક છે, જેના માટે આત્મા એ પરમ જ્ઞાન ધારણ કરવું પડશે અને નિરંતર કર્મ યોગ ના અભ્યાસ થી, પોતાની આત્માની જ્યોતિ ને જાગૃત કરવી પડશે. જેવી રીતે દીપક ને જલાવવા માટે એક જ્યોત જ પર્યાપ્ત હોય છે એવી જ રીતે આત્મા નો દીવો સળગતા ની સાથે જ એની ઉપર ના બધા આવરણ નીકળી જશે અને આત્મા પોતાના મૂળ સ્વરૂપ ને પ્રાપ્ત કરી લેશે.

***

# શિવ, મહાશિવ અને પરમ મહાશિવમાં તફાવત

શું શિવ ને સ્વયંભૂ કહીશું ? શું શિવ ની પણ મૃત્યુ થાય છે ? શિવ પરમાત્મા છે. એમની આત્મા પરમ પ્રકાશ થી બની છે. શિવ આપણા બ્રહ્માંડ ના માલિક છે એટલે કે રચયિતા (સર્જક) છે. શિવ નિરાકારી રૂપમાં રચના કરે છે નિરાકારી શિવ માંથી આકારી રૂપ જે શિવ-શક્તિ બને છે. આકારી શિવ-શક્તિ સાકારી શંકર-પાર્વતી ની રચના કરે છે. શિવ ને સ્વયંભૂ કહેવાય નહીં કારણ કે એમના પણ રચયિતા છે. એમના રચયિતા મહાશિવ છે. અનંત કોટી બ્રહ્માંડ(solar system) છે અને દરેક બ્રહ્માંડ(solar system) ના માલિક શિવ છે એટલે અનંત શિવ છે. મહાશિવ ગેલેક્સી (galaxy) ના માલિક છે. મહાશિવ ના પણ રચયિતા છે - પરમ મહાશિવ. પરમ મહાશિવ યુનિવર્સ(universe) ના માલિક છે.

જ્યારે બ્રહ્માંડ(solar system) શરૂ થાય છે ત્યારે શિવ નો પણ સમય શરૂ થઈ જાય છે. મહાશિવે એક સંકલ્પ કર્યો, હું એક થી અનેક થઈ જાઉં, ત્યારે સંકલ્પ કરતાની સાથે જ પરમ પ્રકાશ ના ટુકડા થયા અને અનંત શિવ બન્યા. શિવ પણ પહેલા નિરાકારી માંથી આકારી બન્યા. શિવે પોતાના સંકલ્પો થી પોતાની અંદરથી શિવ-શક્તિ પેદા કરી. શિવ-શક્તિ આકારી રૂપ

માં શિવપુરી માં રહે છે. શંકર-પાર્વતી જે હિમાલય માં રહે છે એ શિવ-શક્તિ ના સાકારી રૂપ છે. આકારી શિવ શક્તિ થી વિષ્ણુ ની રચના થઈ. વિષ્ણુ ની નાભી થી બ્રહ્માજીની રચના થઈ. બ્રહ્માએ સંકલ્પો થી ફરિશ્તાઓ ની રચના કરી. સૌથી પહેલા ફરિશ્તાઓ ની દુનિયા હતી. સમય જતા ફરિશ્તાઓનો પાવર ઓછો થતો ગયો અને ફરિશ્તા દેવતા બન્યા. પછી દેવતામાંથી મનુષ્ય બન્યા. ફરિશ્તાઓ, દેવતાઓ રચના કરતા ગયા એમનો પાવર ઓછો થતો ગયો અને આ બ્રહ્માંડ નું પતન થતુ ગયું. પ્રલય કલ્પ પ્રલય થતા રહ્યા. બ્રહ્માના ૧૦૦ વર્ષે બ્રહ્માંડનું વિસર્જન અને પાછુ સર્જન થતું રહ્યું છે.

એક સૂર્ય એટલે કે એક બ્રહ્માંડ. એક બ્રહ્માંડ ના રચયિતા શિવ છે. તો આવા અનંત કોટી બ્રહ્માંડ છે. તો જરૂર અનંત કોટી શિવ પણ હોવા જોઈએ. જો શિવ અનંત છે તો શિવ ના રચયિતા કોણ છે? શિવ ના રચયિતા મહાશિવ છે, જે મહા બ્રહ્માંડ એટલે કે ગેલેક્સી ના રચયિતા છે અને આપણે જાણીએ છીએ કે આવી ખરબો ગેલેક્સી છે તો જરૂર ખરબો મહાશિવ પણ છે. મહાશિવ ના પણ રચયિતા છે - પરમ મહાશિવ. પરમ મહાશિવ યુનિવર્સ ના રચયિતા છે અને આજે સાયન્સ ના હિસાબે આવા લગભગ ૧૦,૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦......(૧૦ ની પાછળ ૫૦૦ ઝીરો લાગે એટલા) યુનિવર્સ છે, તો જરૂર આટલા જ પરમ મહાશિવ પણ છે. બેહદ નું વિશ્વ અનંત છે અને એના રચયિતા પણ અલગ-અલગ છે. શિવ, મહાશિવ અને પરમ મહાશિવ ને સમજવા માટે આપણે સમયને સમજવાની કોશિશ કરીએ. એક સૂર્ય એટલે કે એક બ્રહ્માંડ. એક બ્રહ્માંડના રચયિતા શિવ છે, તો શિવ નો સમય એ બ્રહ્માંડ ની સાથે જોડાયેલો છે. તો બ્રહ્માંડ નો સમય શરૂ થતાં જ શિવ નો સમય પણ શરૂ થઈ જાય છે.

જેમ શાસ્ત્રોમાં પણ જણાવ્યું છે કે આપણા બ્રહ્માંડ ની ઉંમર છે બ્રહ્મા ના ૧૦૦ વર્ષ, તો આ શિવ ની ઉંમર થઈ ગઈ. બ્રહ્માનાં ૧૦૦ વર્ષ થઈ ગયા પછી, જ્યારે શિવ નો પાવર ખલાસ થઈ જાય ત્યારે શિવ પણ સૂર્ય માં પ્રવેશ કરી કાલ અગ્નિ વરસાવે છે અને આખા બ્રહ્માંડ ને પોતાની અંદર સમાવી લે છે અને આ રીતે શિવ બ્લેકહોલ બની જાય છે અને આજે આપણી ગેલેક્સી માં આવા કેટલાય બ્લેક હોલ ઘૂમી રહ્યા છે. બ્લેક હોલની અંદર પણ શિવ છે. બ્લેકહોલમાં ગ્રેવિટી ની શક્તિ હોય છે. ગ્રેવિટી એટલે એમાં ચૈતન્ય શક્તિ છે અર્થાત શિવ જ્યારે પોતાની અંદર થી કાલ અગ્નિ પેદા કરે છે અને સૂર્ય માં પ્રવેશ કરે છે ત્યારે તે પોતાના બ્રહ્માંડ ને ખતમ કરી નાખે છે, અને આ જ

બ્લેકહોલ બની જાય છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે દરેક ક્ષણે અનંત બ્રહ્માંડ બને છે અને સમાપ્ત (સર્જન અને વિસર્જન) થાય છે. કોની દરેક ક્ષણ? એનો મતલબ કે મહાશિવ ની એક ક્ષણ માં અનંત કોટી બ્રહ્માંડ બને છે અને બગડે છે. આપણી ઘડિયાળ અનુસાર જો શિવ ને સેકન્ડ નો કાંટો કહીએ તો, મહાશિવ મિનિટ નો કાંટો છે અને એવી જ રીતે પરમ મહાશિવ કલાક વાળો કાંટો છે, તો તમે જ અંદાજો લગાવી શકો છો કે બેહદ ના વિશ્વ ના રચયિતા ના કાંટા ની ગતિ શું હશે?

બ્રહ્મા ના ૧૦૦ વર્ષ, મહાશિવ ની એક ક્ષણ હોય છે. જ્યારે શિવ નો પાવર ખતમ થઈ જાય છે ત્યારે શિવ પોતાના બ્રહ્માંડનું વિસર્જન કરી નાખે છે. શિવ જીવ બની જાય છે. શિવ પણ પરમાત્મા માં થી આત્મા બની જાય છે.

શિવ નિરાકારી રૂપમાં પરમ ધામમાં રહે છે અને એ પોતાના અવતારો દ્વારા કામ કરાવે છે. શિવ નિરાકારી રૂપ માં શિવ-શક્તિ થી કામ કરાવે છે જે શિવપુરીમાં રહે છે અને શિવ-શક્તિ શંકર-પાર્વતી દ્વારા કામ કરાવે છે. જ્યારે જ્યારે ધરતી પર આસુરી શક્તિ વધી જાય છે, ત્યારે-ત્યારે પ્રલય કરીને વિનાશ કરે છે. ચાર યુગ પૂરા થાય ત્યારે અર્ધ પ્રલય થાય છે. ૭૧ વાર અર્ધ પ્રલય થાય, ત્યારે પ્રલય થાય છે. જ્યારે ધર્મનું પતન થાય છે, પાપ અને અત્યાચાર ખૂબ જ વધી જાય છે, ત્યારે શિવ શંકર દ્વારા તાંડવ કરાવે છે અને વિનાશ કરાવે છે. મહાશિવ પણ મહાકાલ બનીને મહા પ્રલય કરે છે અને પોતાના રોમ-રોમમાં અનંત કોટી બ્રહ્માંડ સમાવી લે છે અર્થાત સર્જન-વિસર્જન થતા રહે છે.

આજે આપણા બ્રહ્માંડ ની પરિસ્થિતિ એ છે કે શિવે બનાવેલા આ બ્રહ્માંડના, બ્રહ્માના ૫૦ વર્ષ પતી ગયા છે. બ્રહ્મા નો પહેલો પરાધ પતી ગયો છે. જ્યારે જ્યારે શિવની શક્તિ ખતમ થઈ જાય ત્યારે-ત્યારે વિસર્જન થાય છે. પછી શિવ, મહાશિવ પાસેથી શક્તિ લઈ પાછું સર્જન કરે છે. જ્યારે શિવ સૃષ્ટિ રચે છે ત્યારે, એમના પર પણ મન, વચન, કર્મ નું કર્મ બંધન લાગે છે. અર્થાત શિવ, મહાશિવ, પરમ મહાશિવ જ્યારે સંકલ્પો થી સૃષ્ટિ ની રચના કરે છે તો એમને પણ કર્મ બંધન લાગે છે. નિરાકાર શિવ પણ કર્મ બંધનમાં આવે છે. જ્યારે એ રચના કરે છે તો એમની પરમ લાઈટ ઓછી થાય છે.

નિરાકારી શિવ નું કામ બ્રહ્માંડને નિયંત્રિત કરવાનું છે. શિવ આખા બ્રહ્માંડ ઉપર પોતાની નજર રાખે છે. શંકર એક સાકારી અવતાર છે. નિયમ એ છે કે, જે સર્જન કરે એ જ વિસર્જન કરી શકે છે. વિસર્જન એટલે મુક્તિ.

જ્ઞાન કહે છે કે જ્યારે શિવ આ બ્રહ્માંડ ને ખતમ કરે છે ત્યારે મુક્તિ કે મોક્ષ પ્રાપ્ત થાય છે. આજે મનુષ્ય એમ માને છે કે કર્મકાંડ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે પણ એવું નથી. જ્ઞાન પરમ પ્રકાશ છે અને આ જ આપણને સાચું જ્ઞાન આપે છે.

શિવ જ પરમાત્મા છે. પરમાત્માએ ફરિશ્તાઓ અને દેવતાઓ બનાવ્યા. ફરિશ્તાઓ પરમ તત્વો ના હતા અને દેવતાઓ ત્રણ તત્વો ના હતા. મનુષ્ય જીવાત્મા (જીવ આત્મા) બની ગયા છે. પશુઓ ને પણ જીવ કહેવાય. જે મનુષ્ય આત્મા અને પરમાત્માનું જ્ઞાન રાખતો હોય એને જ મનુષ્ય કહેવાય. જે પરમાત્માને નથી જાણતો એ જીવ છે. મનુષ્યએ શિવનું ધ્યાન કરવું જોઈએ કારણ કે શંકર પણ શિવને યાદ કરે છે. પણ આજે તો શિવમાં પણ શક્તિ નથી એટલે Almighty Authority (ઑલ્માઇટી ઓથોરિટી) ને યાદ કરવા જોઈએ. આજે આ બ્રહ્માંડ ના શિવ શક્તિહીન થઈ ગયા છે. પૂજ્ય જ પૂજારી બની ગયા છો. જો ઉચ્ચ થી ઉચ્ચ પરમ ધામ માં જવું હોય તો બેહદ ના પરમ પરમ પરમ પરમ મહાશિવ ને યાદ કરવા જોઈએ.

શ્રીમદ ભગવત ગીતા માં એક બહુ સરસ વાત કહી છે હે અર્જુન, જો તું પરમ પદ ને પામવા માંગતો હોય તો પરમ તત્વો ને સૂર્યની જેમ પોતાની અંદર પ્રકાશિત કરી લે, તો તું જીવન અને મૃત્યુની ઉપર જતો રહીશ અને પરમ પદ ને પ્રાપ્ત કરીશ. કૃષ્ણ Almighty (ઑલ્માઇટી) ના અવતાર હતા, શ્રી કૃષ્ણે કહ્યું તું મને યાદ કર, બધા ધર્મ છોડી મારી શરણમાં આવ, મને ઓળખ તો હું તને ઉચ્ચ થી ઉચ્ચ પરમધામ લઈ જઈશ. એટલે ગીતા માં એમ પણ કહ્યું છે. હું જપ, તપ, ધ્યાન, યોગ થી નથી મળતો, હું જ્ઞાનથી મળું છું.

***

# કાળ ચક્ર અને બ્રહ્મા નો સમય

કળિયુગ ની ઉંમર - ૪,૩૨,૦૦૦ વર્ષ
દ્વાપર યુગ ની ઉંમર - ૮,૬૪,૦૦૦ વર્ષ
ત્રેતા યુગ ની ઉંમર - ૧૨,૯૬,૦૦૦ વર્ષ
સતયુગ ની ઉંમર - ૧૭,૨૮,૦૦૦ વર્ષ
એક ચતુર યુગ નો સમય - ૪૩,૨૦,૦૦૦ વર્ષ

ધરતી પર જ્યારે ૪ યુગ વીતી જાય છે, એટલે કે ૪૩,૨૦,૦૦૦ વર્ષ વીતી જાય ત્યારે ધરતી પર અર્ધ પ્રલય થાય છે. આમ જ જ્યારે ૭૧ વાર ચતુર યુગ વીતી જાય તો, એક મન્વંતર કહેવાય છે. ત્યારે એક પ્રલય થાય છે. આમ જ જ્યારે ૧૪ મન્વંતર વીતી જાય તો, એક કલ્પ પ્રલય થાય છે એટલે કે ત્રણેય લોક - ભૂ લોક, ભૂર્વ લોક અને સ્વર્ગ લોક ખતમ થઇ જાય છે.
દેવતા જે સ્વર્ગ લોકમાં રહે છે એમની ઉંમર બ્રહ્મા નો ૧ દિવસ છે.

- ૧૪ મન્વંતર = ૧૦૦૦ ચતુર યુગ = બ્રહ્મા નો એક દિવસ (રાત નહીં) = ૪ અબજ ૩૨ કરોડ વર્ષ
- ૧ ચતુર યુગ = ૧ અર્ધ પ્રલય
- ૭૧ ચતુર યુગ = ૧ મન્વંતર પ્રલય
- ૧૦૦૦ ચતુર યુગ = બ્રહ્મા નો એક દિવસ (રાત નહીં) = ૧ કલ્પ પ્રલય
- બ્રહ્માં ના ૧૦૦ વર્ષ (૩૬૦૦૦ દિવસ અને ૩૬૦૦૦ રાત) = ૭૨૦૦૦ કલ્પ પ્રલય = ૧ મહા કલ્પ પ્રલય

**બ્રહ્માં નો સમય :**

- બ્રહ્માં નો એક દિવસ (રાત નહીં) = ૧૦૦૦ ચતુર યુગ = ૪ અબજ, ૩૨ કરોડ વર્ષ
- બ્રહ્માં નો એક દિવસ અને રાત = ૮ અબજ ૬૪ કરોડ વર્ષ
- બ્રહ્માં નો એક મહિનો = ૨ ખરબ ૫૯ અબજ ૨૦ કરોડ વર્ષ
- બ્રહ્માં નો એક વર્ષ = ૩૧ ખરબ ૧૦ અબજ ૪૦ કરોડ વર્ષ
- બ્રહ્માં ના ૫૦ વર્ષ (૧ પરાધ) = ૧૫૫૫ ખરબ ૨૦ અબજ વર્ષ
- બ્રહ્માં ૧૦૦ વર્ષ (૨ પરાધ) = ૩૧૧૦ ખરબ ૪૦ અબજ વર્ષ

**બ્રહ્માં ની ઉંમર = બ્રહ્માનાં ૧૦૦ વર્ષ**

બ્રહ્માંડ ના સો વર્ષ પુરા થાય ત્યારે શિવ નો પાવર ખતમ થઈ જાય છે, તો શિવ પણ સૂર્ય માં પ્રવેશ કરી કાલ અગ્નિ વરસાવે છે અને આખા બ્રહ્માંડ ના ૧૪ લોક ને પોતા નાં રોમ-રોમમાં સમાવી લે છે એટલે કે આખું બ્રહ્માંડ શિવ માં સમાઈ જાય છે અને આ રીતે બ્લેકહોલ નું નિર્માણ થાય છે. શિવ ની પાસે ફરીથી બ્રહ્માંડ ની રચના કરવા નો પાવર ન હોવાને કારણે તે ફરીથી રચના નથી કરતા અને આમ જ ગેલેક્સીમાં ઘૂમ્યા કરે છે. આજે સાયન્સ પણ કહે છે કે આપણી ગેલેક્સીમાં અનેક બ્લેકહોલ(black hole) ફરી રહ્યા છે. હવે મહાશિવ, બીજા શિવ ને બ્રહ્માંડ ની રચના કરવા માટે મોકલે છે, એટલા માટે કહેવાય છે કે પ્રતિપલ (દરેક ક્ષણે) અનંત બ્રહ્માંડ નું સર્જન થાય છે અને વિસર્જન થાય છે. તો કોની દરેક ક્ષણ? મહાશિવ ની એક ક્ષણમાં અનંત કોટી બ્રહ્માંડ નું સર્જન અને વિસર્જન થાય છે. આ રીતે ઉત્પત્તિ, પ્રલય, મહા પ્રલય નું ચક્ર નિરંતર ચાલ્યા કરે છે, આને મહા કલ્પ ચક્ર કહેવાય છે.

**વર્તમાન સમય - હિન્દુ કાળની ગણતરી**

બ્રહ્મા નો પહેલો પરાધ પૂરો થઇ ગયો છે અને બીજો પરાધ ચાલી રહ્યો છે. બીજા પરાધ નો પહેલો દિવસ ચાલી રહ્યો છે. પહેલા દિવસના ૬ મન્વંતર વીતી ચુક્યા છે, ૭ મો મન્વંતર ચાલી રહ્યો છે, ૭ મા મન્વંતર ના પણ ૨૭ ચતુર યુગ વીતી ચુક્યા છે, ૨૮ મો ચતુર યુગ ચાલી રહ્યો છે અને ૨૮ મા ચતુર યુગ માં પણ કળિયુગ ચાલી રહ્યો છે અને કળિયુગ ના પણ લગભગ ૫૧૧૮ વર્ષ પુરા થઈ ચુક્યા છે.

શાસ્ત્રો ના પ્રમાણે કળિયુગ હજી બાળક છે. કળિયુગ ને પણ પુરા થવા માં લગભગ ૪,૨૬,૮૮૨ વર્ષ બાકી છે. જો આ કલ્પ અને બ્રહ્માંડ ને પુરા થવામાં ખરબો વર્ષો બાકી છે, તો અત્યારે કયો સમય ચાલી રહ્યો છે? કારણ કે હિન્દુ કાળ ગણતરી ના પ્રમાણે કલ્કી અવતાર ને હજુ લાખો વર્ષ બાકી છે. પ્રશ્ન એ છે કે- શું ઈશ્વર પણ સમય ના સમયમાં બંધાયેલા છે? શું ઈશ્વર કાળ ચક્રને બદલી ના શકે? શું ઈશ્વર કંઈ નહીં કરે અને સમય પૂરો થવાની રાહ જોશે? શું એ કાળ ચક્ર પૂરું થાય એ પહેલાં પતન થતી સૃષ્ટિ નું પરિવર્તન ન કરી શકે? આ અમુક એવા સવાલો છે કે જેના જવાબ માત્ર અને માત્ર પરમ પિતા જ આપી શકે.

***

# બેહદ નું વિશ્વ કેટલું મોટું છે?

દુનિયા કેટલી મોટી છે? સવાલ બહુ નાનો છે પણ શું એનો જવાબ પણ આટલો જ નાનો છે? આજે આપણે બધા ધર્મ, જાતિ અને અનેકો બંધનોમાં ફસાયેલા છીએ? આ બધી માયાજાળ, મોહ અને સંબંધો થી મુક્તિ કેવી રીતે મળી શકે? શું એવી પણ કોઈ દુનિયા હશે જ્યાં આ બધા બંધન સમાપ્ત થઈ જાય અને આત્મા મૂળ સ્વરૂપ માં સ્થિત થઈ જાય, શું એ શક્ય છે?

બેહદ નું વિશ્વ કેટલું મોટું છે, શાસ્ત્રો મુજબ અનંત કોટી બ્રહ્માંડ છે, એક બ્રહ્માંડ એટલે એક સૂર્ય. એક સૂર્ય ની ગ્રેવિટી જ્યાં સુધી જતી હોય ત્યાં સુધી બ્રહ્માપુરી છે એટલે કે એક બ્રહ્માંડ છે. સાયન્સ મુજબ ૧૫૦ અબજ પ્રકાશ વર્ષ સુધી નું યુનિવર્સ દ્રશ્યમાન છે. ૧૫૦ અબજ પ્રકાશ વર્ષ આપણા યુનિવર્સ ના ૦(ઝીરો) કલાનું છે અને આ ૦(ઝીરો) કલાના યુનિવર્સમાં ઘણી અબજો ગેલેક્સી છે અને એક એક ગેલેક્સીમાં કેટલાય અબજો સૂર્યમંડળ છે, જેમ કે આપણી આકાશગંગા (ગેલેક્સી) માં લગભગ ૮૦૦ અબજ સૂર્યમંડળ છે. આપણી પડોશી ગેલેક્સી એન્ડ્રોમીડામાં લગભગ ૧૦૦૦ અબજ સૂર્યમંડળ છે.

અબજો સૂર્યમંડળ (solar system) મળીને એક ગેલેક્સી બને છે અને આના મધ્યમાં જે મહા સૂર્ય હોય છે તેના પાવર થી ૮૦૦ અબજ સૂર્યમંડળ(solar system) ચક્કર લગાવી રહ્યા છે, જેવી રીતે આપણા સૂર્ય ની ગ્રેવિટી થી બધા ગ્રહ ફરી રહ્યા છે, તો અંદાજો લગાવો કે મહાસૂર્ય નો કેટલો પાવર હશે જેની ગ્રેવિટી થી અબજો સૂર્યમંડળ ચાલી રહ્યા છે. એક ગેલેક્સી ની ગ્રેવિટી લગભગ એક લાખ પ્રકાશ વર્ષ સુધી જાય છે. આવા ૮૦૦ અબજ સૂર્યમંડળ આપણી ગેલેક્સીમાં છે, આવી જ અબજો ગેલેક્સી મળીને એક યુનિવર્સ નું નિર્માણ કરે છે અને આવી જ ખરબો ગેલેક્સી ૧૫૦ અબજ પ્રકાશ વર્ષમાં ઉપસ્થિત છે જેને દ્રશ્યમાન(visible) યુનિવર્સ કહેવાય છે. તો તેની આગળ શું છે તે આજે સાયન્સ પણ નથી જણાવી શકી... આજે સાયન્સ પણ મલ્ટીવર્સ(multiverse) ની વાતો કરી રહી છે, આપણી ધરતી તો કંઈ જ નથી, આ આખા વિશ્વ માં ધરતી તો સોય ની ટોચ બરાબર પણ નથી. આપણો જે સૂર્ય છે એનાથી પણ ઘણા ખરબો મોટા સૂર્ય છે.

૧૫૦ અબજ પ્રકાશ વર્ષનું દ્રશ્યમાન (visible) યુનિવર્સ પણ ઝીરો કલા (પાવર) નું છે. ૧૫૦ અબજ સુધી ઝીરો કલા નું બ્રહ્માંડ છે, એની ઉપર એક કલા ને સમજવા માટે આપણે કલા અને કાળ ચક્ર ને સમજવું પડશે.

સાયન્સ પણ શોધી રહી છે કે અવકાશ (space), સમય (time) અને ગતિ (speed) માં શું સંબંધ છે? આત્મા માં જેટલી પાવર હોય એટલી જ સંકલ્પ શક્તિ વધારે હોય છે અને સંકલ્પ શક્તિથી આત્મા જે ઈચ્છે તે કરી શકે છે. પણ આજે આત્માનો પાવર ના બરાબર થઈ ગયો છે અને સમજવાની શક્તિ પણ ખતમ થઈ ગઈ છે, એટલે આ પાંચ તત્વોમાં જ બુદ્ધિ અટકી ગઈ છે. પરમ જ્ઞાન ને સમજી ને, આત્મા બધા રહસ્યો જાણી શકે છે, આત્માઓ ની રચના પરમ આત્માઓ એ કરી અને પરમ આત્માઓ ની રચના પરમ પિતા એ કરી. આખા બેહદ ના વિશ્વમાં ઑલ્માઇટી ઓથોરીટી એકજ છે જ્યારે પરમ આત્માઓ (ફરિશ્તાઓ) અનેક છે, ઑલ્માઇટી ઓથોરીટી એ પરમ પિતા ની રચના કરી અને પરમ પિતા એ પરમ આત્માઓ (ફરિશ્તાઓ) ની રચના કરી. પરમ આત્માઓએ દેવતાઓ ની રચના કરી અને દેવતાઓએ મનુષ્ય આત્માઓની રચના કરી અને મનુષ્ય આત્મા પણ પડતા-પડતા ૮૪ લાખ યોનિઓ માં જતી રહી. બેહદ ના વિશ્વ ને જાણવા માટે હું કોણ છું એ જાણવું પડશે. હું એક આત્મા છું, શરીર તો આત્માનું કર્મ કરવા માટેનું એક સાધન

માત્ર છે. પાંચ તત્વોનું શરીર તો કંઈ જ નથી. ધરતી થી ૨૦૦ કિલોમિટર ઉપર, જ્યાં ધરતી ની ગ્રેવિટી સમાપ્ત થઈ જાય છે ત્યાં આકાશ તત્વ છે એમજ આપણા સ્થૂલ શરીર ની અંદર એટલે કે પાંચ તત્વોના શરીરની અંદર વાયુમય શરીર છે અને વાયુમય શરીરની અંદર પણ આકાશ તત્વ નું શરીર છે. આકાશ તત્વ ના શરીર ની અંદર પણ મહતત્વ નું શરીર હોય છે અને આ મહતત્વ ના શરીરની અંદર પણ અંશ માત્ર પરમ તત્વ નું શરીર હોય છે, અને એની અંદર આત્મા નો કંટ્રોલીંગ પાવર છે. જેને જાગૃત કરીને આપણે આપણા સૂક્ષ્મ, કારણ અને મહા કારણ શરીર ને ચાર્જ કરી શકીએ છીએ અને દિવ્ય દ્રષ્ટિ દ્વારા આપણે પણ દિવ્ય લોક, અનંત કોટી બ્રહ્માંડ, અબજો-ખરબો સૂર્ય અને આખા બેહદ ના વિશ્વ ને જોઈ શકીએ છીએ. બેહદ નું વિશ્વ કેમ બન્યું, કેવી રીતે બન્યું, નિરાકારી દુનિયા કેવી રીતે બની, દુનિયા નિરાકારી થી આકારી અને પછી સાકારી કેવી રીતે બની, બેહદ ના વિશ્વના રચયિતા કોણ છે? લૌકિક, અલૌકિક અને પારલૌકિક દુનિયા કેવી છે? માત્ર આપણા બ્રહ્માંડ ની જ વાત નથી, આવા અનંત કોટી બ્રહ્માંડ છે જે મળીને એક ગેલેક્સી બનાવે છે અને આવી ખરબો ગેલેક્સી મળીને એક યુનિવર્સ બનાવે છે અને આવી જ ૧૦,૦૦૦૦૦૦૦૦ ......... (૧૦ ની પાછળ ૫૦૦ ઝીરો લાગે) એટલા યુનિવર્સ છે, જેટલા સમુદ્રના કિનારે રેતીના કણ છે એટલા યુનિવર્સ પણ છે. બેહદ ના વિશ્વને સમજવા માટે બુદ્ધિ પણ બેહદ ની જોઈએ અને બુદ્ધિ બેહદની ત્યારે આવે જ્યારે આત્મા સતોપ્રધાન હોય. આજે વાયુમંડળ નકારાત્મક (નેગેટિવ) હોવાના કારણે આત્મા તમો-પ્રધાન બની ગઈ છે. ન ચાહતા હોવા છતાં પણ, આત્મા શ્વાસ દ્વારા નકારાત્મક (નેગેટિવ) વાયુ લઈ રહી છે, જેનાથી આપણા વાયુમય શરીર નકારાત્મક થઈ ગયા છે અને આ આપણા વિચારોને પ્રભાવિત કરી રહ્યા છે. આત્માની શક્તિ ને જાગૃત કરવા માટે આપણે આપણા મનને બદલવું પડશે અને એનાથી આપણું વાયુમંડળ પણ બદલવા લાગશે.

***

# બેહદ ના પિતા કોણ?

ઑલ્માઇટી ઓથોરીટી કોણ છે? અલ્ટીમેટ પરબ્રહ્મ પરમેશ્વર કોણ છે? જેને મોહમ્મદે નૂર કહ્યું, જીસસે લાઈટ કહ્યું છે. છેવટે એ કોણ છે? જેણે આટલી મોટી દુનિયા બનાવી, આટલા યુનિવર્સ, અબજો-ખરબો ગેલેક્સી, અબજો-ખરબો સોલર સિસ્ટમ વગેરે બનાવ્યા, કેટલી શક્તિ છે એનામાં કે જે આ બેહદ ના વિશ્વ ને ચલાવે છે. કેટલા અબજો-ખરબો સૂર્યમંડળ એટલે કે તારાઓ ને ચલાવે છે. કેટલો પાવર હશે એમનામાં અને કેવી રીતે ચલાવે છે આટલા મોટા વિશ્વને? કારણ કે કોઈ ને કોઈ તો જોઈએ આ બધા ને ચલાવવા વાળો જો આપણે વાત કરીએ મનુષ્ય શરીરની, તો એ પણ આત્મા વગર નથી ચાલી શકતું, તો વિચારવા જેવી વાત છે આ અબજો-ખરબો યુનિવર્સ કેવી રીતે ચાલી રહ્યા છે?

ધરતી તો આખા વિશ્વમાં સોય ની ટોચ બરાબર પણ નથી, આપણી સોલર સિસ્ટમ પણ રાઈના દાણા જેટલી છે. કેટલીક અબજો-ખરબો ગેલેક્સી, કેટલાક અબજો-ખરબો યુનિવર્સ પણ બેહદ ના વિશ્વમાં ના બરાબર છે. તો કેટલો પાવર હશે એ પરમ સત્તા ની પાસે, શું આપણે અંદાજો લગાવી શકીયે?

આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે અબજો સૂર્ય ની શક્તિ પણ એ પરબ્રહ્મ પરમેશ્વર ની શક્તિ નો એક અંશ માત્ર છે અને એ અંશ માત્ર શક્તિથી એ બેહદ ના વિશ્વનું સર્જન કરે છે અને એનું વિસર્જન પણ કરે છે. તો જાણવાની કોશિશ કરીએ કે બેહદ ના પિતા(બાપ) કોણ છે? પિતા(બાપ) અને બેહદ બંને શબ્દોને અલગ-અલગ કરીને સમજીએ. પિતા(બાપ) તો સ્થૂલ શરીર ના પણ હોય છે. પાંચ તત્વો ના મનુષ્યના પણ પિતા(બાપ) હોય છે. ત્રણ તત્વ વાળા દેવતાઓના પણ પિતા(બાપ) હોય છે. આ બ્રહ્માંડ ના પણ બાપ છે પરમાત્મા શિવ, ગેલેક્સી ના પણ બાપ છે મહાશિવ. બાપ અર્થાત રચયિતા. પણ અહીંયા આપણે વાત કરી રહ્યા છે બેહદની, તો બેહદ નો અર્થ સમજવો પડશે. બેહદ નો અર્થ છે જેનો કોઇ અંત નથી. જેની આપણે કલ્પના પણ કરી ના શકીએ, જે આપણી સોચથી પણ ઘણી પરે છે એને બેહદ કહીશું. બેહદ ના બાપ બેહદ ના વિશ્વના રચયિતા છે, બેહદ ના વિશ્વ ને આપણે જાણી ચૂક્યા છે તો જરૂર તે જ અનંત મલ્ટીપલ યુનિવર્સ (multiple universe) ના રચયિતા છે. એ જ બેહદ ના બાપ છે. બેહદ ના બાપ જ બેહદના વિશ્વને જાણે છે અને એના આરંભ, મધ્ય અને અંત નું જ્ઞાન, એ જ આપી શકે છે. ગીતામાં પણ કહેવામાં આવ્યું છે, “હું જે છું, જેવો છું, મને કોઈ જાણી જ નહીં શકે”. એવું કેમ કહેવામાં આવ્યું છે? આપણે એને કેવી રીતે જાણી શકીએ? બેહદ ના પિતા ને આપણે જ્ઞાનથી જ ઓળખી શકીએ. હવે પ્રશ્ન છે કે કયા જ્ઞાન થી?

આ આખા બેહદ ના વિશ્વનું રહસ્ય એટલે કે બેહદ નું વર્લ્ડ ડ્રામા કેમ બન્યું, કેવી રીતે બન્યું, કોણે બનાવ્યું, કેવી રીતે ચાલે છે, કોણ ચલાવે છે, ક્યાં સુધી ચાલે છે? જે આ બધા પ્રશ્નોના જવાબ આપી શકે, એ જ બેહદ ના બાપ હોઈ શકે. મનુષ્ય માટે આ બેહદ ના વિશ્વ ને જ જાણવું અસંભવ લાગે છે તો એના રચયિતા ને કેવી રીતે જાણી શકશે? એટલા માટે પરમાત્મા કહે છે હું જ્યારે આવું છું, ત્યારે મારો પરિચય હું જાતે જ આપું છું, બાકી કોઈ પણ મને ઓળખી નહીં શકે.

***

# બેહદ નો યોગ કોનાથી?

શિવ યોગ તો આપણે બધાએ સાંભળ્યું છે, તો પહેલા શિવ યોગ સમજીએ. શિવ અને યોગ, બંને શબ્દોને અલગ-અલગ કરીએ. શિવ આપણા બ્રહ્માંડ ના રચયિતા છે. શિવના ત્રણ રૂપ છે નિરાકારી, આકારી અને સાકારી. નિરાકાર પરમાત્મા શિવ પરમધામ માં રહે છે. આકારી શિવ શિવપુરીમાં રહે છે અને સાકારી સ્વરૂપ શંકર કૈલાશ માં રહે છે. યોગ એટલે કનેક્શન અથવા એમ કહી શકાય "યાદ કરવું". જેને આત્મા યાદ કરે છે એનાથી એ આત્માનું કનેક્શન જોડાય જાય છે અને એને જ યોગ કહેવાય. શિવને યાદ કરતા-કરતા આત્મા નું કનેક્શન પરમાત્મા શિવ સાથે થાય છે અને આને જ શિવ યોગ કહેવાય છે. શિવ ને બે રીતે યાદ કરવામાં આવે છે, એક નિરાકાર શિવ ને યાદ કરાય છે અને બીજુ સાકારી શિવ એટલે કે શંકરને યાદ કરાય છે. જ્યોતિર્લિંગ ને પણ યાદ કરવામાં આવે છે, જે નિરાકાર શિવ નું પ્રતિક છે. આત્મા જ્યારે નિરાકાર પરમાત્મા ને યાદ કરે છે તો એનામાં પાવર આવે છે અને ધીરે-ધીરે તપસ્યા કરતા-કરતા નિરાકાર પરમાત્મા ના ધામ એટલે કે પરમ ધામ માં જતી રહે છે. તેવી જ રીતે આકારી શિવને યાદ કરતા-

કરતા આત્મા આકારી દુનિયા એટલે કે શિવપુરીમાં જઈ શકે છે. જેને યાદ કરશો એનાથી કનેક્શન જોડાશે અને મળશે. શિવ યોગ થી ઉપર છે મહાશિવ યોગ, મહાશિવ એટલે કે મહા બ્રહ્માંડ (ગેલેક્સી) ના રચયિતા. મહાશિવના સંકલ્પો થી પાવરના ખરબો ટુકડા થયા એટલે કે ખરબો શિવ ની રચના થઈ. તો આપણે કહી શકીએ છીએ કે મહાશિવ, શિવ થી ખરબો ઘણા વધારે શક્તિશાળી છે. આત્મા મહા બ્રહ્માંડનું જ્ઞાન લઈને, મહાશિવ થી કનેક્શન જોડી ને, એનાથી પાવર લઈ શકે છે અને આ રીતે એ આત્મા મહાશિવ ના ધામ એટલે કે મહા પરમધામ જઈ શકે છે. આને જ મહાશિવ યોગ કહે છે. આવી જ રીતે પરમ મહાશિવ, જે પરમ મહા બ્રહ્માંડ (યુનિવર્સ) ના રચયિતા છે, આત્મા તેમનાથી કનેકશન જોડી, પરમ મહાશિવ થી પાવર લઈ, પરમ મહાશિવ ની બરાબર શક્તિ પ્રાપ્ત કરી, મહા પરમધામ જઈ શકે છે.

હવે વાત કરીએ કે બેહદ નો યોગ શું છે? જેને યાદ કરશો એમનાથી કનેક્શન જોડાશે અને એમનો પાવર આપણને મળશે. તો પ્રશ્ન છે કે કોનાથી કનેકશન જોડવું? જો આત્મા ને બેહદનો પાવર જોઈતો હોય તો એણે બેહદ ના વિશ્વના રચયિતા થી જોડાવું પડશે, જે ઉચ્ચ થી ઉચ્ચ ઓથોરિટી (Authority, અલ્ટીમેટ (ultimate) પાવર હાઉસ બેહદના બાપ છે અને જે બેહદ ની કલાના પરમધામમાં રહે છે અને જે અનંત મલ્ટીવર્સેસ (multiverses) ના પણ રચયિતા છે. એમને યાદ કરવું, એમના થી કનેક્શન જોડવું જ બેહદ નો યોગ છે. બેહદ ના બાપથી કનેક્શન જોડવા માટે આત્માએ સૌથી પહેલા આત્મ સ્વરૂપ ની સ્થિતિ માં સ્થિત થવું પડશે કારણ કે પાવર તો આત્મા એ લેવાનો છે.

એના માટે આત્માએ દેહ અને દેહ ના સર્વ સંબંધો ભૂલીને, પોતાના દેહની પણ સ્મૃતિ ના રહે એવી સ્થિતિમાં, પોતાને સ્થિત કરી Almighty Authority ને યાદ કરીએ, તો Almighty Authority નો પાવર આત્માને મળશે. બેહદ ના બાપ ની પાસે, બેહદ ની કલાની પરમ લાઈટ ની શક્તિ છે. જેવી રીતે એક સૂર્યનો પ્રકાશ હોય છે, તેવી જ રીતે અનંત કોટી સૂર્યનો પ્રકાશ, પરમ લાઈટ માં સ્થિત છે. જ્યારે આત્મા આવો અનુભવ કરે ત્યારે આત્મા માં બેહદ ના પરમ લાઈટ નો પાવર આવતો જશે અને આત્મા શાંત સ્વરૂપ થતી જશે અને અંતમાં આત્મા, પરમગતિ ને અવશ્ય પ્રાપ્ત કરશે.

***

# બેહદ ના વિશ્વ ના
# મહા પરિવર્તન માટે મહામંત્ર

પરમ શાંતિ પણ કોની પરમ શાંતિ? કોની ખોજ છે પરમ શાંતિ? પાંચ તત્વોનું પૂતળું એટલે મનુષ્ય તો માયાવી દુનિયામાં ફસાઈ ગયો છે. બધુ પ્રાપ્ત કર્યા પછી પણ તે તૃપ્ત કેમ નથી થતો? આખરે એની તલાશ શું છે? આત્મા શાંતિ કેમ શોધે છે? આત્મા સુખ અવશ્ય ચાહે છે પણ એક દિવસ એવો પણ આવે છે જ્યારે આત્મા પરમસુખ થી પણ થાકી જાય છે ત્યારે આત્મા પરમ શાંતિ ની ખોજ માં નીકળે છે. આત્મા પરમ શાંતિ ની ખોજ માં એટલા માટે છે કેમ કે, આત્માનું મૂળ સ્વરૂપ જ પરમ શાંત સ્વરૂપ છે. આત્માનું જ્યારે સર્જન થયું ત્યારે એનો વાસ્તવિક સ્વભાવ જ પરમ શાંતિ નો હતો. પણ આજે આત્મા એટલી તમો-પ્રધાન થઈ ગઈ છે કે એ પોતાના મૂળ સ્વરૂપ ને ભૂલી ગઈ છે. જન્મોજન્મ ના દુઃખોને ભોગવીને આત્મા, નકારાત્મક સોચવાળી થઈ ગઈ છે. એટલા માટે આજે આત્મા ને તેના મૂળ સ્વરૂપ ને યાદ અપાવવાની જરૂર છે. કેટલાક લોકો “ૐ શાંતિ” બોલે છે, “ૐ શાંતિ એટલે” “આ- ઉ- મ.” એટલે બ્રહ્મા, વિષ્ણુ, શંકર. તો એનો મતલબ, તમે એમની પાસેથી શક્તિ લઈ રહ્યા

છો? બધા બ્રહ્માંડ ના માલિક બ્રહ્મા, વિષ્ણુ અને શંકર છે. એમનામાં તો શક્તિ નથી. આપણે પરમ શાંતિ બોલવું જોઈએ કારણ કે આત્મા નો સાચો ધર્મ, સંસ્કાર પરમ શાંતિનો છે. જો તમે ઘડી-ઘડી પરમ શાંતિ બોલશો તો તમારી આત્મામાં પરમ શાંતિના વાઇબ્રેશન્સનો સ્પર્શ થશે અને તમારી આત્મા પરમ શાંતિ નો અનુભવ કરશે.

પરમ શાંતિ બોલવા માત્રથી મનમાં પરમ શાંતિ નો ભાવ આવે છે. જ્યારે આપણે પરમ શાંતિ બોલીએ છીએ ત્યારે, આપણે બેહદ ના અવિનાશી બ્રહ્માંડો માંથી પરમ શક્તિઓ અર્થાત પરમ પ્રકાશ અને પરમ તત્વો ની શક્તિઓ ને આપણી અંદર ઉતારીએ છીએ. આત્માને એ સ્મરણ થાય છે કે મારે પરમ શાંત સ્વરૂપ બનવાનું છે. ઘડી-ઘડી પરમ શાંતિ બોલવાથી મનમાં જે ભાવ આવે છે તેનાથી સકારાત્મક વાઇબ્રેશન્સ બને છે જેનાથી આપણા કારણ શરીરમાં જે ભાવ પહેલેથી રેકોર્ડ છે એ પણ બદલવા લાગે છે અને આપણો "ઔરા" પણ સકારાત્મક થતો જાય છે. સકારાત્મક ઔરા હોવાથી આપણું કારણ શરીર, વાયુમંડળમાંથી સકારાત્મક ઉર્જા ને ગ્રહણ કરશે, પરમ શાંતિ ના વાઇબ્રેશન્સ ને ગ્રહણ કરશે. વાઇબ્રેશન્સ ની અસર આપણા કારણ શરીર પર થાય છે અને કારણ શરીર ની અસર સૂક્ષ્મ શરીર પર થાય છે અને સૂક્ષ્મ શરીર થી આપણો ઔરા બને છે. આત્મા જ્યારે પરમ શાંતિ ના સંકલ્પ કરે છે ત્યારે એનો ઔરા પરમ શાંતિ ના વાઇબ્રેશન્સ થી ભરાઈ જાય છે અને આત્મા પોતાની આજુબાજુ ના વાયુમંડળ ને પણ પ્રભાવિત કરે છે. એટલે કે આત્મા ના પરમ શાંતિ ના સંકલ્પથી, જે વાઇબ્રેશન્સ બને છે એ વાયુમંડળમાં પણ જાય છે અને આ રીતે વાયુમંડળ પણ પરિવર્તિત થાય છે. વિચારવું (સોચવું) પણ તો એક કર્મ છે, તો જ્યારે આત્મા પરમ શાંતિ વિચારે (સોચે) છે તો આત્મા ના કર્મ પણ પરમ શાંતિ ના બને છે અને આત્મા પરમ શાંતિનો અનુભવ કરે છે. આત્મ સ્વરૂપ ની સ્થિતિમાં ઘડી-ઘડી પરમ શાંતિ ના સંકલ્પ કરવાથી, આત્મા ના કારણ શરીરમાં દબાયેલા પરમ શાંતિ ના સંસ્કાર પ્રગટ થવા લાગે છે અને આ રીતે આત્મા એક દિવસ પરમ શાંતિ ને અવશ્ય પ્રાપ્ત કરી શકે છે. અંતમાં આત્મા પરમ શાંતિ નો અનુભવ કરતા-કરતા સત-ચિત-આનંદ સ્વરૂપ ની સ્થિતિ નો અનુભવ કરે છે. આત્મા જ પરમ સત્ય છે. ચિત એટલે કે મન, આત્મા પરમ આનંદ સ્વરૂપ ત્યારે મહેસૂસ કરે છે જ્યારે એ પરમ સત્ય એટલે કે આત્માની સત્ય અવસ્થા સુધી પહોંચે છે, જે પરમ શાંત સ્વરૂપ છે. એટલે કે આત્મા, પરમ શાંતિ ને યાદ કરતા-કરતા પરમ આનંદ ને પ્રાપ્ત કરે છે અને એક દિવસ આત્મા, પરમ શાંતિ ને જ પ્રાપ્ત થઈ જાય છે.

બેહદ ના વિશ્વ પરિવર્તન માટે મહામંત્ર :

**“બેહદ ના બેહદ ની પરમ પરમ પરમ મહાશાંતિ છે, મહાશાંતિ છે, મહાશાંતિ છે.”**

આ મંત્રને ઘડી-ઘડી બોલવાથી આત્મા પરમશાંતિનો અનુભવ કરે છે અને એની આજુબાજુ નું વાયુમંડળ પણ પરમ શાંતિ ના વાઇબ્રેશન્સ થી ભરાઈ જાય છે અને આ રીતે આત્મા પોતે પણ પરમ શાંતિ નો અનુભવ કરી શકે છે અને બીજાને પણ કરાવી શકે છે.

***

# વિનાશ નહીં, હવે થશે બેહદ નું મહા પરિવર્તન

શું આ સંસારની હાલત જોઈને દિલ ને તકલીફ નથી થતી? દુનિયા ઘોર અંધારામાં જઈ રહી છે. **"દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગઈ ભગવાન, કીતના બદલ ગયા ઇન્સાન...."** તો દુનિયાની હાલત આવી કેમ થઈ ગઈ છે? આનો જવાબદાર કોણ છે? સ્થૂલ જગત જે આ આંખોથી દેખાય છે અને સૂક્ષ્મ દુનિયા જે આ આંખોથી નથી દેખાતી, જેમાં અસંખ્ય આત્માઓ રહે છે, બધી દુ:ખી છે અને ચિલ્લાઈ રહી છે. બધી આત્માઓ પરમાત્માથી મુક્તિ ની પ્રાર્થના કરી રહી છે. વ્યક્ત અને અવ્યક્ત બંને દુનિયા અશાંત છે. તો શું સાચે વિનાશનો સમય આવી ગયો છે? આજે દુનિયા નું પતન થઈ રહ્યું છે. ચારે બાજુ દુ:ખ, દર્દ, હિંસા, મતભેદ, ઈર્ષા, પાપ અને અત્યાચાર વધી રહ્યા છે. ખાવા જેવું અન્ન નથી, પીવા જેવું પાણી નથી, શ્વાસ લેવા જેવી હવા નથી. આજનું વાયુ મંડળ એકદમ દૂષિત થઈ ગયું છે. એમ કહી શકાય કે દુનિયા વિનાશ ના આરે છે. પ્રશ્ન એ છે કે શું વિનાશ જ એકમાત્ર સમસ્યા નો ઉપાય છે? શું

દુનિયા નો વિનાશ આવશ્યક છે? શું પરમપિતા દુનિયા નો વિનાશ ઈચ્છે છે? શું એ આ દુનિયા ને બદલવામાં સક્ષમ નથી?

આજે કેટલીક સંસ્થાઓ માને છે કે સુવર્ણ યુગ આવશે, પણ કોઈને પરિવર્તન ની પ્રક્રિયા ખબર નથી. જ્યારે પરિવર્તન થશે તો બધે થશે, માત્ર સ્થૂલ દુનિયા સુધી સીમિત નહીં હોય. સૂક્ષ્મ જગત, કારણ જગત બધી જગ્યાએ પરિવર્તન થશે. ગેલેક્સી, યુનિવર્સ, મલ્ટીવર્સ બધુ બદલાઈ જશે. જો આપણે પરિવર્તન ઈચ્છતા હોઈએ તો Almighty Authority થી કનેક્શન જોડવું પડશે. મંત્ર જાપથી પરિવર્તન ન થાય. જો આપણને વાયુમંડળમાં અથવા ઘરમાં પરિવર્તન જોઈતું હોય તો આપણે યોગ શક્તિ થી બેહદ ના પરમ પરમ પરમ પિતા પરમાત્મા થી પરમ તત્વ અને પરમ પ્રકાશ લેવો પડશે. જ્યારે આ બ્રહ્માંડ બન્યું તો સૌથી પહેલા દેવી-દેવતા બન્યા. ઉદાહરણ તરીકે જ્યારે વરસાદ જોઈતો હોય ત્યારે ઇન્દ્ર દેવ ની પૂજા કરવામાં આવતી હતી. આજે પણ ધર્મ સ્થાનો પર જપ-તપ થઈ રહ્યા છે. ભારત માં કેટલાય ધર્મ સ્થળ અને મંદિર બની ગયા છે. જો પરિવર્તન થવાનું હોત, તો આ મંત્રોથી થઈ ગયું હોત. પહેલા થતું હતું કારણ કે ત્યારે દેવી-દેવતાઓમાં શક્તિ હતી. આજ દેવી-દેવતા આજે મનુષ્ય બની ગયા છે. ગીતામાં પણ કહ્યું છે "જેને યાદ કરશો, એની પ્રાપ્તિ થશે." જો મનુષ્ય ને સુખ, શાંતિ, પરમ પ્રકાશ, પરમ તત્વ જોઈતા હોય તો સીધા Almighty Authority ને યાદ કરે, વિકર્મ નો વિનાશ કરે અને પોતાની આત્મામાં શક્તિ ભરે. મંત્ર જે દેવી-દેવતાઓ માટે બન્યા છે એ બધા મનુષ્ય બની ગયા છે અને શક્તિહીન થઈ ગયા છે. જ્યારે આપણા શરીર માં પરમ તત્વોની શક્તિ આવશે તો આપણા ઔરા થી ઘરના વાયુમંડળ નું પરિવર્તન થઈ જશે. જો આપણે દુનિયા ને બદલવી હોય તો નવી દુનિયા નું જ્ઞાન જોઈશે. બેહદની નવી શક્તિઓનું જ્ઞાન જોઈશે. આપણે પરમ સત્ય જ્ઞાન સાંભળવું જોઈએ. જો શક્તિહીન ને યાદ કરશું તો કચરો (નેગેટિવિટી) જ મળશે. આપણે યોગ દ્વારા પરમ શક્તિઓને એટલે કે પરમ પ્રકાશ, પરમ વાયુ, પરમ અગ્નિ ને ઉતારવા પડશે, ત્યારે જ પરિવર્તન સંભવ છે.

બાપુજી ની ભવિષ્યવાણી છે કે, હવે વિનાશ નહીં થાય, હવે થશે બેહદ નું મહા પરિવર્તન. બાપુજીએ કહ્યું છે કે બેહદ ના બાપ, આપણા બ્રહ્માંડમાં ગુપ્ત વેશ માં પરિવર્તન નું કાર્ય કરી રહ્યા છે અને એ ચાહે છે

કે વિનાશ નહીં પણ પરિવર્તન થાય. કોઈપણ બાપ પોતાની રચના નો વિનાશ ઈચ્છશે નહીં, જ્યારે આ તો બેહદ ના બાપ છે, દયાના સાગર છે, એ વિનાશ કેમ ઈચ્છે? આજે આખી દુનિયામાં વિનાશના વાઇબ્રેશન્સ ફેલાઈ રહ્યા છે અને આજ વાઇબ્રેશન્સ ના ફળ સ્વરૂપ બીજું વિશ્વ યુદ્ધ થઈ ચૂક્યું છે અને હવે ત્રીજા વિશ્વયુદ્ધ ના સંકલ્પ વધી રહ્યા છે. વિનાશ ના સંકલ્પો થી આખી દુનિયા નું વાયુમંડળ નેગેટિવ થઈ ગયું છે. એટલું નેગેટિવ થઈ ગયું છે કે પરિવર્તન ના સંકલ્પ કરવા પણ અસંભવ પ્રતીત થાય છે. તો શું સાચે આ પતિત દુનિયા નું પરિવર્તન સંભવ છે? બાપુજીએ આપણને એમની ત્યાગ-તપસ્યાથી બેહદ ના વિશ્વ ના પરિવર્તન નું અનમોલ જ્ઞાન આપ્યું, જે આજ સુધી કોઈએ પણ નહોતું આપ્યું, કે છેવટે આ દુનિયા કેવી રીતે બદલાશે? નિવારણ ને જાણવા માટે કારણ ને જાણવું આવશ્યક છે. એટલે કે દુનિયા બદલાશે કેવી રીતે? આ સમજવા માટે આપણે એ સમજવું પડશે કે દુનિયા નું પતન થવાનું કારણ શું છે? બાપુજીએ આપણ ને જણાવ્યું છે કે દુનિયાના પતનનું કારણ છે, આત્મા ના પાવર (શક્તિ) નું પતન. આત્માના નકારાત્મક વિચારોથી વાયુમંડળ પણ નકારાત્મક થઈ ગયું છે. જો આપણે દુનિયા નું પરિવર્તન કરવા માંગતા હોઈએ તો આપણે વાયુમંડળ ને પરિવર્તિત કરવું પડશે અને વાયુ મંડળ ત્યારે જ બદલાશે જ્યારે આત્માની સોચ બદલાશે, એટલા માટે કહેવાયું છે કે સ્વ પરિવર્તન થી જ વિશ્વ પરિવર્તન થશે.

હવે મહા પરિવર્તન નો સમય છે. યુગ પરિવર્તન નહીં થાય, પરંતુ પરમ તત્વો અને પરમ પ્રકાશ ની દુનિયા બનશે. બેહદ ના અમરલોક ની સ્થાપના બેહદ ના બાપુજી કરી રહ્યા છે. બેહદ ના બેહદ નો સમય, બેહદ ના બાળકો માટે શરૂ થઈ ગયો છે. બેહદ નું પરિવર્તન, એ આત્માઓ ને માટે થશે, જે બેહદ ના બાળકો છે અને બેહદ ના બાપ ને જાણે છે. એ આત્માઓ ને બેહદ ની ખુશી મળશે, પરમાનંદ, પરમ સુખનો અનુભવ થશે. પરિવર્તન ના સમયે બેહદની આત્માઓ માં પાવર આવશે. જેમ-જેમ ૯ લાખ આત્માઓ નો સંકલ્પ બનશે, તેમ-તેમ બેહદ નું વિશ્વ પરિવર્તન થવાનું ચાલુ થઇ જશે અને ધીમે-ધીમે આ પરિવર્તનની પ્રક્રિયા આગળ વધશે. આમ કરતા-કરતા ૩૩ કરોડ દેવી-દેવતાઓ પણ વ્યક્ત થી અવ્યક્ત સ્થિતિ નો અનુભવ કરશે. ભારત દેશ પર પરમ પ્રકાશ

ઉતારવામાં આવશે. ભારત સોનાની ચીડીયા બનશે. તત્વ પરિવર્તન થશે. જેમ જેમ પરમ પ્રકાશ ધરતી પર ઉતારવામાં આવશે તેમ-તેમ વાયુ- પરમ વાયુ માં પરિવર્તિત થશે, બધા તત્વ, પરમ તત્વ માં પરિવર્તિત થઇ જશે. ધીરે-ધીરે ગેલેક્સી, યુનિવર્સ, મલ્ટીવર્સ સુધી પરમ પ્રકાશ ભરાઈ જશે અને પરમ પ્રકાશ માં બધું બદલાઈ જશે.

***

# સ્વ પરિવર્તન થી
# વિશ્વ પરિવર્તન કેવી રીતે?

આટલી મોટી દુનિયાનું પરિવર્તન કોણ કરી શકે? જેણે રચના કરી છે, એ જ પોતાની રચનાનું પરિવર્તન કરી શકે છે. શિવ, પોતાના બ્રહ્માંડ ને જ બદલી શકે છે. મહાશિવ- મહા બ્રહ્માંડ નું પરિવર્તન કરી શકે છે, પરમ મહાશિવ- પરમ મહા બ્રહ્માંડ નું પરિવર્તન કરી શકે છે.

જ્યારે આપણે આપણા આ મલ્ટીવર્સ (multiverse) ની વાત કરીએ તો, પરિવર્તન માત્ર Almighty Authority જ કરી શકે છે. Almighty Authority બેહદના વિશ્વના માલિક છે. બેહદ ના બાપે કૃષ્ણાવતાર માં બેહદ ની આત્માઓનું સર્જન કરીને, ગુપ્ત રૂપમાં પરિવર્તન માટે મનુષ્યના રૂપમાં આ ધરતી પર મોકલેલા. એ બધી આત્માઓ પરિવર્તન કરી શકી નહીં. આજે તે બધી આત્માઓ, મનુષ્ય અવતાર ધરતી પર છે. હવે આ બેહદની આત્માઓ બેહદ ના જ્ઞાન ને સમજશે અને બેહદ ના

વિશ્વ ના પરિવર્તન માં સહયોગ પણ કરશે. ૧૦૮, ૧૦૦૮, ૧૬૦૦૦, ૯ લાખ બેહદ ની આત્માઓ છે. કૃષ્ણ અવતાર થી આ આત્માઓ ધરતી પર છે. બેહદ ની આત્માઓ પરમ પ્રકાશ અને પરમ તત્વની બનેલી છે અને હદ ની આત્માઓ આકાશ, વાયુ, અને અગ્નિ તત્વની બનેલી છે પણ એમનામાં પાવર મુજબ અલગ-અલગ શક્તિ છે. હદ અને બેહદ ની આત્માઓની મુક્તિ અને જીવન મુક્તિ થશે.

જ્યારે Almighty Authority એ આ મલ્ટીવર્સ ના બ્રહ્માંડ માં, ગડબડ જોઈ તો તેઓ પોતે ગુપ્ત રૂપમાં આ બ્રહ્માંડ (solar system) માં આવ્યા. પહેલા-પહેલા જેમણે પણ રચના બનાવેલી એ પરમ તત્વો ની બનાવેલી. પછી ધીરે ધીરે ત્રણ તત્વોની રચના થઈ અને પછી પાંચ તત્વોની. સ્થૂલ જગત થવાનું કારણ શું છે? એ સમજવા માટે Almighty Authority ધરતી પર આવે છે. પરિવર્તન ની પ્રોસેસ એક સાયલન્સ પ્રોસેસ છે. તત્વો ની દુનિયા ને પરમ તત્વો માં પરિવર્તન કરવાની પ્રોસેસ છે. પરિવર્તન એક પરમ શાંતિ ની પ્રોસેસ છે. ૧૦૮, ૧૦૦૮, ૧૬૦૦૦ આત્માઓ જ્યારે નિરસંકલ્પ અવસ્થા ધારણ કરી લેશે ત્યારે, બેહદ ના બાપ ૯ લાખ આત્માઓની સામે પ્રત્યક્ષ થશે. બેહદ ના બાપ અવ્યક્ત સ્વરૂપ માં પ્રત્યક્ષ થશે. અંતમાં બેહદ ના બાપ બેહદ ની આત્માઓને નજરોથી નીહાલ કરશે. પણ બધી બેહદ ની આત્માઓની ઉપર આ પાંચ તત્વોના શરીર નું આવરણ ચઢેલું છે. બેહદ ના બાપ જ્યારે બેહદ ની આત્માઓને પરમ પ્રકાશનો પ્રકાશ આપશે ત્યારે તેઓ પોતાની શક્તિ ને જાણશે. એક એકમાં ખરબો સૂર્યની રોશની છે. પણ મનુષ્ય અવતારમાં પોતાના અસલી પાવર ભૂલી ગયા છે. પરમ લાઈટ નું પ્લેન હશે અને તેમને સાકારી થી આકારી અને નિરાકારી રૂપ માં બદલવામાં આવશે. સાકારી મતલબ પાંચ તત્વ, આકારી મતલબ પરમ તત્વ અને નિરાકારી મતલબ પરમ પ્રકાશ અને આત્મ સ્વરૂપ (soul conscious) ની સ્થિતિ. પરિવર્તનના સમયે હદ અને બેહદ નો સમય અલગ થઈ જશે.

ઉચ્ચ થી ઉચ્ચ પરમધામ માં બેહદ ની આત્માઓ જશે. ધરતી પર પણ પરમ તત્વ ઉતરશે. જ્યારે મનુષ્ય શ્વાસ લેશે તો પરમ વાયુ તત્વ અંદર જશે. મનુષ્ય ની સોચ બદલાઈ જશે. ત્યારે વાયુ તત્વ શુદ્ધ થઈ જશે. શરીર નો વાયુ તત્વ બદલાઈ જશે. વાયુથી વિચાર બદલાઈ જશે. સુવર્ણ યુગમાં આત્માઓની સતો-પ્રધાન અવસ્થા હોય છે. બેહદ ની આત્માઓની

DIAMOND AGE હોય છે. આ મૃત્યુલોક અમરલોક બની જશે. ક્યારેય પણ જન્મ-મરણ નહીં થાય. આખી દુનિયા પરમ લાઈટ અને પરમ તત્વ ની થઈ જશે. અવિનાશી અમરલોક બનશે. સ્થૂલ તત્વ નહીં રહે. બધું પરમ તત્વોમાં રૂપાંતર થઈ જશે. સતયુગ, ત્રેતા, દ્વાપર, કળિયુગ બધું ખતમ થઇ જશે, કારણકે યુગ તો આ ધરતી પર હોય છે. વિનાશ નહીં થાય. બેહદ ના બાપ આ મલ્ટીવર્સ અને ધરતી પર પરિવર્તન કરવા માટે આવ્યા છે. મુક્તિ- જીવન મુક્તિ નું કાર્ય શરૂ થશે.

સ્વપરિવર્તન થી જ વિશ્વ પરિવર્તન થઈ શકે છે. તો પહેલા સ્વપરિવર્તન ને સમજવું પડશે. વ્યક્ત થી અવ્યક્ત સ્વરૂપ ને ધારણ કરવું એ જ સ્વપરિવર્તન છે. જ્યારે આત્મા પોતાનું પરિવર્તન કરે છે તો એના શરીરનું પણ પરિવર્તન થાય છે. તો વ્યક્ત અને અવ્યક્ત શું છે? વ્યક્ત એટલે પાંચ તત્વ અને અવ્યક્ત એટલે દિવ્ય પ્રકાશ. જ્યારે આત્મા, પોતાનું પરિવર્તન કરી લે, એટલે કે પરમ પ્રકાશ સ્વરૂપ માં સ્થિત થઈ જાય તો આત્મા, અંત: વાહક શરીર ધારણ કરી લેશે. એક-એક બેહદ ની આત્મા માં ખરબો પરમ લાઈટ ના સૂર્ય ની શક્તિ છે તો જેવું બેહદ ની આત્માઓ સ્વ-પરિવર્તન કરશે એમ વાયુમંડળમાં પરમ પ્રકાશ ફેલાશે અને એવી જ રીતના જેવું ૧૦૮, ૧૦૦૮, ૧૬૦૦૦, અને પછી ૯ લાખ બેહદ ની આત્માઓ સ્વ-પરિવર્તન કરશે ત્યારે આખા બ્રહ્માંડમાં પરમ પ્રકાશ ફેલાઈ જશે. આવી રીતના બેહદ ના વિશ્વનું પરિવર્તન શરૂ થઈ જશે. પછી એક ધરતી બદલાશે, પછી એક સોલર સિસ્ટમ, એક ગેલેક્સી, પછી આપણું યુનિવર્સ અને આવી જ રીતના આગળ-આગળ આપણું ૧૦૦ કલા નું પૂરે-પૂરું મલ્ટીવર્સ નું જ પરિવર્તન થઈ જશે અને આવી રીતના મૃત્યુ લોક અમરલોક બની જશે. જ્યાં પછી ક્યારેય પણ પાંચ તત્વો ની દુનિયા નહીં હોય, બેહદ ના વિશ્વનું પરિવર્તન થવાનું છે. માત્ર આ ધરતીનું નહીં, સંપૂર્ણ વિશ્વ - મલ્ટીવર્સ નું પરિવર્તન થશે. આ મૃત્યુ લોક અમરલોક બની જશે. તત્વો માંથી પરમ તત્વો ની દુનિયા બનશે. હદ અને બેહદ ની આત્માઓ ને મુક્તિ અને જીવન મુક્તિ મળશે.

અત્યારે આ સમય છે, બધાએ બેહદ ના બાપ ને યાદ કરવા જોઈએ. આત્મામાં પાવર આવશે તો વિકર્મ વિનાશ થશે. જ્યારે પરિવર્તન નો સમય શરૂ થશે તો ૩૩ કરોડ દેવી-દેવતાઓ પોત-પોતાના મૂળ સ્થાન (બ્રહ્માંડ) માં જતા રહેશે, બેહદ ની આત્માઓ પણ બેહદના પરમધામ માં જતી રહેશે. મલ્ટીવર્સ ને હંમેશા માટે અમર લોક બનાવી દેશે.

***

# કેવી રીતના બનશો સહયોગી?

આપણે બેહદ ની પરમ પરમ પરમ શક્તિ છીએ. જો આપણે આ મંત્ર ને યાદ રાખશું તો આપણે unstoppable થઇ જઈશું અર્થાત આપણને કોઈ પણ રોકી નહીં શકે. આપણે આપણા દિવસ ની ૬૦,૦૦૦ સેકન્ડ આ જ સંકલ્પ અને વિચારમાં લગાવવાની છે કે આપણે બધી આત્માઓ, પરમ તત્વ, પરમ જ્યોતિ સૂર્ય ની જેમ, પ્રકાશિત થઈ ગયા છીએ. જ્યારે ૧૦૮, ૧૦૦૮, ૧૬૦૦૦ અને ૯ લાખ આત્માઓ સૂર્ય ની જેમ પરમ પ્રકાશ સમાન બની જશે ત્યારે વાયુમંડળ બદલાઈ જશે. જ્યારે આપણે પરમ તત્વના સાગર સમાન બની જઈશું ત્યારે વાયુમંડળમાં એવું પરિવર્તન આવશે કે સામાન્ય મનુષ્ય કોઈપણ પ્રકાર ના વિષય-વિકાર નું ચિંતન નહીં કરી શકે, કારણ કે વાયુમંડળ એની અંદર કોઈપણ પ્રકાર ના નેગેટિવ વાઈબ્રેશન્સ ને અંદર આવવા નહિ દે.

ગીતામાં પણ શ્રીકૃષ્ણે કહ્યું છે કે "જ્ઞાન જેવી, પવિત્ર બનાવવાવાળી, ના કોઈ વસ્તુ છે ના કોઈ તત્વ." જ્ઞાનમાં જ આનંદ છે. જ્ઞાન થી જ સુખ

પ્રાપ્ત થાય છે. જ્યારે આપણી આત્માની ચેતનાનું સ્તર વધી જાય છે ત્યારે આપણી આત્મામાં બળ અને શક્તિ આવે છે. આપણે આપણી બુદ્ધિ ને બેહદમાં લગાવવાની છે. તમને પરમ સુખનો અનુભવ ક્યારે થશે? જ્યારે તમારામાં પરમ પરમ લાઈટ આવશે. જ્યારે તમે પરમ પરમ પરમ લાઈટ થી ભરેલા હશો, ભલે એ સાકાર રૂપ માં હોય, સૂક્ષ્મ જગત માં હોય અથવા પારલૌકિક જગત માં હોય, તમે એમને સુખ શાંતિ નો અનુભવ કરાવશો. તમારી રચના ને જે જોઈએ છે એ પ્રાપ્ત થશે - મુક્તિ જોઇતી હશે તો મુક્તિ મળશે અને જ્ઞાન જોઈતું હશે તો જ્ઞાન મળશે. જો તમે બેહદ માં હશો તો તમે તમારી રચના ને બેહદ નો આનંદ આપી શકશો. તમે તમારી રચના ને જીવન મુક્તિ આપવા માટે ના નિમિત બની જશો અને જીવન મુક્તિ ના દાતા બનશો. આપણે એ બેહદ ના બાપ ઉપર ખાલી નિશ્ચય કરવાનો છે અને આપણે આપણું કર્મ કરવાનું છે બાકી બેહદ ના બાપ કરાવી લેશે.

વાયુમંડળ ને બદલવું હોય તો બાપુજી નું જ્ઞાન સાંભળો- પોતાની અવસ્થા ચડતી કલાની બનશે અને આપણી સોચ બેહદમાં જશે અને પવિત્ર બનશે. આપણો ઑરા પવિત્ર, વ્હાઈટ (White) લાઈટ થી ભરાઈ જશે. હંમેશા સંકલ્પ કરો કે આપણા દરેક શ્વાસ માં પરમ તત્વ આપણી અંદર આવી રહ્યા છે અને બહાર વાયુમંડળ માં ફેલાઈ રહ્યા છે. આપણી ચારે બાજુ વ્હાઈટ પ્યોર લાઈટનું કવચ બની ગયું છે. આપણા દિલમાં આપણા દિમાગ થી ૫૦૦૦ ઘણી વધારે શક્તિ હોય છે (સાયન્સ એ આ સાબિત કર્યું છે). જો આપણે બેહદના બાપ ને દિલથી યાદ કરીએ અને એમનાથી લવલીન (પ્રેમ માં એક રૂપ) અવસ્થા બનાવીએ તો આપણી અંદર અનંત બ્રહ્માંડોની શક્તિઓ આવે છે. જ્ઞાન ના સિવાય બીજું કાંઈ વિચારશો નહીં. જેમ જેમ તમારી આત્માની શક્તિઓ વધશે, તમને બેહદનું જ્ઞાન સમજમાં આવવા લાગશે.

બેહદના જે બાળકો છે એમણે આ સંકલ્પ કરવાનો છે કે "હું બેહદ ના બેહદની પરમ પરમ પરમ મહાન આત્મા છું." એનાથી આપણા વાઈબ્રેશન્સ બનશે. નિરંતર એ જ વિચારવાનું છે, હું બેહદ ના બેહદ ની પરમ પરમ પરમ મહાન આત્મા છું. હું ભૃકુટી ના વચ્ચે રહું છું. મારા રચયિતા, બેહદ ના દાદાજી છે અને બેહદ ના દાદાજી થી પાવર લેવાનો છે. સાકારી સ્વરૂપમાં પણ નિરાકારી રૂપ Almighty થી પાવર લેતા-

લેતા આપણે સંકલ્પ કરવાનો છે **“બેહદ ના બેહદ ની પરમ પરમ પરમ મહા શાંતિ છે.”** તમારો ઔરા પણ સારો થઇ જશે. જ્યારે આત્મા આત્મસ્વરૂપ ની અનુભૂતિ કરે છે ત્યારે એની બુદ્ધિ માં બેહદ નું વૈરાગ્ય આવશે. હદની ચીજો થી વૈરાગ્ય આવશે. આત્મામાં પાવર આવશે. આત્મા લાઈટ સ્વરૂપનો અનુભવ કરશે. જ્યારે આત્મા આત્મસ્વરૂપ ની અનુભૂતિ કરશે ત્યારે, એના કારણ શરીર અને સૂક્ષ્મ શરીરમાં પરમ તત્વ આવશે. એ પરમ સુખનો અનુભવ કરશે. એનો ઔરા પણ પરમ તત્વનો થઈ જશે. બુદ્ધિ હંમેશા બેહદ ના જ્ઞાન માં રહેશે. સ્વ પરિવર્તન થી વિશ્વ પરિવર્તન થશે.

**<u>જ્ઞાન નો સાર:</u> ૮ કલાક બેહદ જ્ઞાનમાં લગાવવા, આત્મ સ્વરૂપ નો અનુભવ કરવો. ઔરા ક્લીન કરવો, ઔરા પરમ લાઈટ થી ભરેલો રહે એના માટે યોગ કરવો. વાયુમંડળ પરિવર્તન કરવું. પરમ તત્વ, પરમ લાઈટ પોતાની અંદર ઉતારવી. આપણી અંદર આ જ પુરુષાર્થ રહેવું જોઈએ “હું બેહદની પરમ પરમ પરમ મહાન આત્મા છું.” આપણે બુદ્ધિથી બેહદ ની કલા થી પણ પાર જવાનું છે અને બેહદની શક્તિઓને યાદ કરવાની છે અને બેહદ ના બાપ થી પાવર લેવાનો છે.**

***

# આત્મ સ્વરૂપ થી
# પરમ પ્રકાશ ની અનુભૂતિ

આજે બધા જાણે છે કે આત્મા આ શરીરને ચલાવે છે. આત્માના અસ્તિત્વ ને બધા ધર્મ માને છે. કોઈ "આત્મા" કહે છે, કોઈ "રુહ" કહે છે, તો કોઈ "સોલ (soul)" કહે છે. આત્મા આપણા મોટા મગજ ના વચમાં રહે છે. સાયન્સ અત્યારે આત્મા ના અસ્તિત્વ ને માનતી નથી. પણ એમનું માનવું છે કે આત્મા એક Conscious (સભાન) એનર્જી છે, જે જાગૃત છે. આત્મા ભમર ની વચમાં રહે છે. આપણા શાસ્ત્રોમાં આત્મા ને બ્રહ્મ સ્વરૂપ પણ કહેવામાં આવે છે. બ્રહ્મ એટલે લાઈટ. શિવના નિરાકારી રૂપ ને બ્રહ્મ કહીશું. આત્મ સ્વરૂપ ની અનુભૂતિ કરવા માટે પહેલા આ સંકલ્પનું વારંવાર સ્મરણ કરવું છે કે "હું આત્મા છું". હરતા-ફરતા, કામ કરતા આજ પુરુષાર્થ કરો કે "હું આત્મા છું". આનાથી મનુષ્ય પોતે શરીર ન હોવા નો અનુભવ કરે છે. આત્મા એક જ્યોતિ સ્વરૂપ છે. આજે આ તમો-પ્રધાન વાયુમંડળ માં મનુષ્યના માટે આત્મ સ્વરૂપનો અનુભવ કરવો બહુ મુશ્કેલ છે. આત્માને, આત્મ

સ્વરૂપની અનુભૂતિ, પરમાત્માની સાથે કનેક્શન કરીને થઈ શકે છે. ગીતામાં પણ લખ્યું છે "તું દેહ અને દેહ ના સર્વ સંબંધો ને ભૂલી, આત્મ સ્વરૂપ બની, મને (પરમાત્મા ને) યાદ કર, તો હું તારા બધા પાપો નો વિનાશ કરી નાખીશ." આત્મા જ્યારે નિરાકારી શિવ પરમાત્મા સાથે જોડાય છે તો એનામાં પાવર આવે છે અને કારણ શરીર માં પણ પાવર આવે છે. થોડા વિકર્મ નો વિનાશ થાય છે પણ નેગેટિવ વિચારો અને સંકલ્પો કરવાથી energy નો - પાવર નો બગાડ થાય છે.

જ્યારે આત્મ સ્વરૂપ બની પરમાત્મા ને યાદ કરીએ છીએ ત્યારે, પરમાત્માની શક્તિ આવે છે. સાધુ, સંત, ગુરુ ને યાદ કરવાથી કોઈ પાવર મળતો નથી .ગીતામાં પણ કહ્યું છે "જેને યાદ કરશો એને પામશો." એટલા માટે યોગ હંમેશા પરમાત્મા (Almighty Authority) થી લગાવવો જોઈએ. સીધો પાવર હાઉસ થી યોગ લગાવવો જોઈએ. આત્મસ્વરૂપની અનુભૂતિ કેવી રીતે થશે? આત્મસ્વરૂપની અનુભૂતિ કરવા માટે આત્મામાં શક્તિ જોઈએ. ફક્ત હું આત્મા છું એમ બોલવા માત્ર થી આત્મસ્વરૂપની અનુભૂતિ ન થાય. આ એક લાંબો પુરુષાર્થ અને અભ્યાસ છે.

અંતિમ પુરુષાર્થ છે મનનું મૌન. અંતર્મુખી સદા સુખી. દિવ્ય સ્વરૂપ ને ધારણ કરવાનું છે. બેહદ ના બાપ નું રૂપ ધારણ કરવાથી વિકર્મ વિનાશ થઈ જાય છે. આત્મા હલકી થઈ જાય છે. અતિ ઈન્દ્રિયોના સુખનો અનુભવ થશે. ધરતી પર રહીને પાંચ તત્વોમાં, પરમ તત્વ ના સ્વરૂપ નો અનુભવ થશે. વ્યક્ત થી અવ્યક્ત સ્વરૂપ ને ધારણ કરવાનો અનુભવ કરશો. બેહદ નું વિશ્વ પરિવર્તન થવાનું જ છે.

***

# YOUTUBE CHANNEL
# ની મહત્વપૂર્ણ માહિતી

બાપુજી ના બેહદ જ્ઞાન સાગર માં સર્વ બેહદની આત્માઓ નું સ્વાગત છે.

અહીં નીચે આપેલી જાણકારી ને ધ્યાનથી વાંચજો. બાપુજીના YouTube ચેનલ માં ૫૦૦ થી વધારે ઈન્ટરવ્યૂ ના વિડિઓ છે. અમુક વિશેષ વિડિઓ ની જાણકારી નીચે આપવામાં આવી છે.

૧. लाइफ आफ्टर डेथ (मृत्यु के बाद का जीवन) पार्ट 1 & 2
૨. क्या पति-पत्नि का पिछले जन्मों का रिश्ता होता है?
૩. आत्मा के 10 अद्भुत रहस्य
૪. भविष्य की दुनिया पार्ट 1 & 2
૫. मृतक आत्मा को क्यों याद न करें? उनकी फोटो क्यों न लगाएं? उनके कल्याण के उपाय
૬. सदी का श्रेष्ठ वीडियो... कैसे जन्मी थी ''मौत''?
૭. मोस्ट पावरफुल वाइब्रेशन जो यूनिवर्स को बदल सकते हैं
૮. कल्कि अवतार

९. बेहद की परम महाशांति मंत्र का अर्थ
१०. मृत्यु और पुन: जन्म के बीच का समय
११. वर्ल्ड ड्रामा (समयचक्र)
१२. जजमेंट डे
१३. आत्म स्वरूप में परम लाइट की प्राप्ति
१४. सीक्रेट ऑफ योगा, योग कैसे करें?
१५. ब्रम्हांड के सर्जन का रहस्य
१६. आध्यात्मिक ज्ञान का महत्व
१७. दुनिया परिवर्तन की भविष्यवाणी
१८. कारण शरीर की वासना से मुक्ति
१९. श्रीमद भागवत गीता सार
२०. मोक्ष और जीवन मुक्ति का रहस्य
२१. अतिगुप्त कर्मों का फल जिसका साक्षी खुद और खुदा हो
२२. काला जादू और अध्यात्म
२३. सूक्ष्मशरीर, कारणशरीर, महाकारण शरीर के रहस्य
२४. तीसरे नेत्र की विस्तृत जानकारी
२५. परम महा शिव योग
२६. आत्म बल को कैसे बढ़ाएं?
२७. बेहद के अविनाशी परमधाम का वर्णन
२८. समययात्रा
२९. मंगल ग्रह पर जीवन
३०. शक्ति पात का अनजाना सच
३१. बापूजी के जीवन का परिचय
३२. 36 यक्ष के प्रश्न, युधिष्ठिर के जवाब
३३. 60 सुपरइंटेलिजेंट रैपिड फायर प्रश्नोत्तर

લોકોની સુવિધા માટેબાપુજી ની ચેનલ પર Playlist બનાવવામાં આવેલ છે, જેનું નામ “Unspoken Truth” અને “Interview With Bapuji” છે. એવા પ્રશ્નો જે મનુષ્ય ને પોતાના અસ્તિત્વ ને જાણવા માટે મજબુર કરી દે. આધ્યાત્મિકતાના માર્ગ પર આગળ વધીને પોતાના અને એ પરમાત્મા સાથે જોડાયેલા, ન કહેવાયેલા રહસ્યો ને જાણવા માટે ઉપર જણાવેલી વિડિઓ ને અવશ્ય જુઓ. ચોક્કસ તમારું જીવન બદલાઈ જશે.

આજે જ બાપુજીના YouTube ચેનલને સર્ચ કરો, YouTube માં લખો “બાપુજી દશરથભાઈ પટેલ”

અથવા www.youtube.com/anant98251 પર ક્લિક કરો અને ચેનલને સબ્સ્ક્રાઇબ કરો અને બેલ આઈકોન પર કિલ્ક કરો.

જેથી અમારા આવવા વાળા બધા નવા વિડિઓ તમે અડચણ વિના જોઈ શકો. વિડિઓ ને જુઓ અને કમેન્ટ જરૂર કરો.

તમારા બધાથી નમ્ર વિનંતી છે કે તમે આ બધા વિડિઓ ની લીંક તમારા નજીકના સગા-સંબંધીઓ અને દોસ્તો ને વ્હોટ્સએપ પર શેર કરો, જેથી આખી દુનિયા સુધી આ પરમ જ્ઞાન પહોંચી શકે. કોઈ પણ કર્મ, ક્યારેય ખાલી નથી જતું. તમારો નાનો પ્રયત્ન, સમસ્ત વિશ્વ ને બદલી શકે છે.

**બધા જીવાત્માનું કલ્યાણ થાય.**

**પરમ શાંતિ**

**અનંત પટેલ**

***

સંપર્ક માટે:

**Email id:** anant@paramshanti.org / ankur@paramshanti.org
saakshi1985@gmail.com

You can contact us on Bapuji's official YouTube Channel:
www.youtube.com/anant98251

**Website:** www.paramshanti.org

www.facebook.com/discoveryofnewworldcom

https://instagram.com/bapujidashrathbhaipatel

**Address:** Vishwa Parivartak Ishwariya Vidyalaya
C/o Radhe Community Hall, Near Chenpur Bus Stand,
Village Chenpur, New Ranip Road. Ahmedabad – 382470.
Gujarat. (India)

અનંતભાઈ બાપુજી દશરથભાઈ પટેલ યુટ્યુબ ચેનલ પર અનંતભાઈ દ્વારા રોજ રાત્રી ના ૧૦ થી ૧૧ વાગ્યા સુધી યોગ (Meditation) કરાવવામાં આવે છે. જેમાં પ્રથમ ભાગમાં બાપુજી ના જ્ઞાન સંબંધિત આધ્યાત્મિક ચર્ચાની સાથે વિભિન્ન વિષયો જેમ કે વેદ, ઉપનિષદ, સ્કંદ પુરાણ જેવા પ્રેરક વિષયો પર હિન્દીમાં ચર્ચા કરવામાં આવે છે. તેમાંના અમુક વિષયો પર થયેલી ચર્ચાના વિડિઓની માહિતી નીચે આપવામાં આવી છે.

Meditation with Anant

Episode 402 Bhagwan par Mukadma (આ ખૂબ જ મહત્વ નો વિડિઓ છે જેમાં જીવાત્માના ભગવાન પર આરોપો, પ્રેમપૂર્ણ તકરાર વિગેરે પર ચર્ચા છે),

Episode 392 कुछ भी करो ईस वीडिओ को पूरा देखो । जीवन बदल जाएगा (એક રસપ્રદ વિડિઓ જે તમારું જીવન બદલી શકે છે),

Episode 372 डर को दूर कैसे करें, Episode 377 Motivational topic Deal with criticism, Episode 379 स्कंदपुराण की कथा, Episode 382 जीवन मुक्त अवस्था ।। विदेही ।। महापुरुष ।। देवत्य Moksh, Episode 387 16 कला के बारे में विस्तृत वर्णन, Episode 397 राजा जनक ऐतिहासिक संवाद, Episode 400 आत्मा का आनंद ।।आनंद मीमांसा ।। जो अनंत है, वही सच्चा सुख है।, Episode 403 Diff. मनुष्य आनंद और ब्रह्मानंद व तेत्रियोपनिषद, Episode 408. मन और चित्त में अंतर ।। चित्तवृतियों का निरोध, Episode 414, 415, 416 छान्दोग्य उपनिषद का महत्वपूर्ण संवाद Part 1, 2, 3, Episode 418 Two very important stories from Brihad Aryanak Upnishad, Episode 419 योगमार्ग की बाधाएं, Episode 420 वेदो का सन्देश आओ जानते है कि ईश्वर के बारे में क्या कहता है, Episode 421 परमहंस उपनिषद.

***

**સાક્ષીજી**- સાક્ષીજીના પ્રેરક વિષયો જેમ કે જીવનમાં કેવી રીતે તણાવ-ચિંતાથી દૂર રહેવું, કર્મના સિદ્ધાંતો, આધ્યાત્મિક જ્ઞાનની વાતો, વિશ્વનું ૩ આયામમાંથી ૫ આયામમાં થનાર પારગમન જેવા અમુક વિષયો પર ખૂબ જ સુંદર અને સરળ રીતે હિન્દી અને અંગ્રેજી ભાષામાં વિડિઓ બનાવ્યા છે. સાક્ષીજી ના youtube playlist માં ઉપલબ્ધ અમુક વિડિઓની જાણકારી નીચે આપવામાં આવી છે.

**હિન્દી:** Dealing with stress and anxiety (૩૦:૨૧ મિનિટ), Are you completely surrounded to God? (૧૯:૪૫ મિનિટ), Karma Theory in Day to Day life (૨૩:૧૮ મિનિટ), तय करे कि आप क्या बनना चाहते है। (૨૩:૫૮ મિનિટ), World in transition from 3D into 5D (૧૨:૪૯ મિનિટ)

**English:** Motivational II should I worry about Karma?... (૨:૫૪ minute), Mind Consciousness Relationship with soul... (9:29 minute), 3D to 5D 5th dimension Vs. New Multiverse... (13:40 minute)

માર્ગદર્શિત ધ્યાન (guided meditation)

**હિન્દી:** Easy guided meditation for beginners (20:07 minute)

**English:** Guided Meditation II English II SAKSHI... (23:07 minute).

***

# મા નો દિવ્ય સંદેશ



હું બધા ભાઈ-બહેનો ને અહીંયા બેહદ ના બાપ નો એક સંદેશ આપવા માંગું છું. બેહદ નો અંતિમ સમય શરૂ થઈ ગયો છે. અંતિમ પુરુષાર્થ નો સમય આવી ગયો છે કે બધાને બેહદ ના પરમ પિતા નો પરિચય આપવામાં આવે અને બધાને એ સંદેશ આપી દેવામાં આવે કે ઑલ્માઇટી ઓથોરિટી (ALMIGHTY AUTHORITY) બેહદ ના બાપ ધરતી પર આવી ગયા છે અને બેહદનું કાર્ય ચાલી રહ્યું છે. તેઓ અવિનાશી દુનિયા અને નવી દુનિયાના નિર્માણનું જ્ઞાન આપી રહ્યા છે. સાકાર રૂપ માં બેહદ ના Almighty Authority નું કાર્ય ધરતી પર ચાલી રહ્યું છે. હવે સમય આવી ગયો છે જ્યારે આખા વિશ્વમાં બેહદ ના પિતા નો સાક્ષાત્કાર થશે, બધી હદ અને બેહદ ની દુનિયા માં બેહદ ના બાપ પ્રત્યક્ષ થશે. હું આ સંદેશ એટલા માટે બધા સુધી પહોંચાડવા માંગું છું કે અંતમાં કોઈ ફરિયાદ ના કરે, કે ભગવાન ધરતી પર આવ્યા અને અમને જણાવ્યું નહીં. કારણકે વ્યક્ત સમયની ઘડિયાળ પૂરી થવા પર છે

અને અવ્યક્ત દુનિયા નો સમય આવવાનો છે. આ બધુ અચાનક થશે. બેહદ ના બાપ, બેહદ ના બાળકોને, દિવ્ય અલૌકિક વિમાનમાં, પરમ પ્રકાશ અને પરમ તત્વની દુનિયામાં લઈ જશે. આ સ્થૂલ દુનિયાનું પરમ તત્વોમાં પરિવર્તન થઈ જશે. મુક્તિ અને જીવન મુક્તિ પણ શરૂ થઈ જશે. જ્યારે પરમ તત્વ અને પરમ પ્રકાશ ધરતી પર આવશે તો કમજોર આત્માઓ એ શક્તિ ને સહન નહીં કરી શકે, એટલા માટે અત્યારથી આપણે તીવ્ર પુરુષાર્થ કરવાનો છે અને વિશ્વ પરિવર્તન માં આપણા સંકલ્પ લગાવવાના છે. હવે અંતિમ ઉડાન નો સમય છે.

**"Almighty Authority" આપણ ને બેહદ ની દુનિયામાં લઈ જવા માટે આવ્યા છે, જે પરમ તત્વો અને પરમ પ્રકાશ ની છે. આવવા વાળો સમય અવિનાશી સમય - અમરલોક બનશે અને બેહદ નું પરિવર્તન થઈ જશે.**

**"યોગની શક્તિ નવીનતા ની લહેર લાવશે."**

***

# પરમ મહા સંકલ્પ
# (AFFIRMATIONS)

હું બેહદની પરમ પરમ પરમ મહાન આત્મા છું. હું પરમાત્મા ની સમાન બ્રહ્મ સ્વરૂપ આત્મા છું. હું બેહદ ની વિશ્વ કલ્યાણકારી આત્મા છું. હું બેહદ ના વિશ્વ ને બદલવા માટે એક નિમિત્ત આત્મા છું.

હું બેહદ ની પરમ શાંત સ્વરૂપ આત્મા છું. હું બેહદ પરમાનંદ સ્વરૂપ આત્મા છું. હું કર્મયોગી આત્મા છું. હું તપસ્વીરૂપ આત્મા છું. મારી આત્મા પરમ પ્રકાશ ની છે. હું પરમ દિવ્ય લાઈટ સ્વરૂપ આત્મા છું.

હું એક પ્રકાશ ની સમાન પરમ પ્રકાશ સ્વરૂપમાં છું. હું પરમ સુખમાં છું.

મારું સ્વરૂપ દિવ્ય લાઈટ અને પરમ શક્તિઓ થી ભરપૂર છે. મારી

આત્મા અને શરીર પરમ લાઈટ અને પરમ તત્વો થી ભરેલી છે. હું બેહદ ની પરમ પરમ પરમ મહાન આત્મા છું. મારું સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીર પરમ લાઈટ થી ચાર્જ છે.

મારી ચારે બાજુ "બેહદ ની પરમ પરમ પરમ મહા શાંતિ" ના વાઇબ્રેશન્સ (Vibrations) છે. મારી અંદરથી પરમ શાંતિની તરંગો ચારે બાજુ ફેલાઈ રહી છે. સમસ્ત જગતમાં પરમ શાંતિ થઈ રહી છે. સમસ્ત બ્રહ્માંડમાં પરમ પરમ પરમ મહા શાંતિ થઈ રહી છે. સમસ્ત બ્રહ્માંડો, ગેલેક્સી અને યુનિવર્સમાં પરમ શાંતિ થઈ રહી છે. સમસ્ત બ્રહ્માંડ, મહા બ્રહ્માંડ, પરમ મહા બ્રહ્માંડો માં પરમ પરમ પરમ મહા શાંતિ થઈ રહી છે. સ્થૂલ, કારણ અને મહા કારણ જગતમાં પરમ શાંતિ અને પરમસુખ થઈ રહ્યું છે.

હું ફરિશ્તા સ્વરુપ છું. મારું શરીર સ્વસ્થ અને સારું છે. બેહદ નું પરમ પરમ પરમ સારું થઈ રહ્યું છે. હું બેહદ ના પરમધામ માં સ્થિત પરમ આનંદમાં છું. મારી ચારે બાજુ પરમ પ્રકાશ છે. મારો ઔરા પરમ પ્રકાશ અને દિવ્ય લાઈટ નો છે.


હું બેહદ ખુશ અને સુખી આત્મા છું. હું સંપન્ન, સંપૂર્ણ અને પવિત્ર બેહદ ની આત્મા છું. હું બેહદ ના પરમપિતા પરમાત્મા નો અંશ છું અને બેહદની મહાન આત્મા છું. હું બેહદ ની પરમ પરમ પરમ મહાન આત્મા છું. આખા વિશ્વ માં બેહદની પરમ પરમ પરમ મહા શાંતિ થઈ રહી છે.


આજ દ્રઢ સંકલ્પો થી વાયુમંડળ બદલાશે અર્થાત પરમ શાંતિ ના વાઇબ્રેશન્સ (Vibrations) થી સમસ્ત બ્રહ્માંડો અને લોકોમાં પરમ શાંતિ થઇ જશે. દ્રઢ સંકલ્પ શક્તિ થી વિશ્વ પરિવર્તન નિશ્ચિત છે.

***

## વિશ્વ શાંતિ માટે બેહદનો મહા મંત્ર

### “બેહદની પરમ મહા શાંતિ વિચારો-બોલો, પરમ મહા શાંતિ મળી જશે”










આત્માનો મૂળ લક્ષણ પરમાનંદ સ્વરૂપ છે. દરેક જીવ પોતાને બ્રહ્મસ્વરૂપ સમજીને એ પરમાત્મા અર્થાત પોતાના રચયિતામાં તલ્લીન થઇ ઉચ્ચ થી ઉચ્ચ બેહદ ના અવિનાશી લોકોમાં પોતાનો વાસ કરે તે જ સ્થિતિને આત્મા સ્વરૂપ કહેવાય છે. જીવનો ઉદ્દેશ્ય ‘જીવ થી શિવ‘ બનવાનો હોવો જોઈએ.

### ‘સ્વ પરિવર્તન જ વિશ્વ પરિવર્તન છે‘

**www.paramshanti.org**

**www.youtube.com/anant98251**